સુવિચાર
જીવનનાં સંગ્રામમાં સફળ થવા માટે દિમાગ, હાથ અને હૈયું એ ત્રણેયનો સાથ લેવો પડે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૭/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૮૮

## રાજયમાં ૭.૫ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા : રાજયપાલ આચાર્ય દેવવ્રત

# જળસિંચન માટે દરેક ગામમાં અમૃત સરોવર બનાવીએ

રાજય સરકાર અને વિવિધ સંસ્થાઓનાં સહયોગથી જળ સંચયનાં કામો થયા છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ખેતી, ધંધા-રોજગાર અને અન્ય માળખાકીય સુવિધાનાં વિકાસમાં પાણી અનિવાર્ય છે

જળ સિંચન અને પ્રાકૃતિક ખેતીનાં મિશનમાં સહકાર આપવા બદલ મુખ્યમંત્રીનું અભિવાદન કરતા રાજયપાલ

લાઠીનાં દુધાળા ખાતે યુએન તળાવનું લોકાર્પણ કરવાનો કાર્યક્રમ સંપન્ન થયો










અમરેલી, તા. ૨૨

રાજયમાં જળ સિંચન દ્વારા સર્વાંગી વિકાસ કરવાની નેમ સાથે નદી, તળાવ અને ચેકડેમને ઉંડા–પહોળા કરવાની તેમજ તેની સાફસફાઈ અને જાળવણી કરવામાં આવે છે. લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક ગાગડિયો નદી પર ગુજરાત સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનની ૫૦:૫૦ ટકા લોકભાગીદારીથી ૨૮ કિમી લાંબી ગાગડિયો નદી ઊંડી અને પહોળી કરવાનું કાર્ય રૂા. ૨,૦૦૦ લાખના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે દુધાળા ગામ ખાતે 'યુએન તળાવ'નું લોકાર્પણ કર્યુ હતુ. રાજયપાલ અને મુખ્યમંત્રીએ 'યુએન તળાવ વોટર કોન્ફરન્સ'માં દીપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ઉદ્બોધન કરતાં અનુસંધાન પાના ૬ ઉપર

### ઉપરવાસમાં ભારે વરસાદથી ઠેબી નદી ગાંડીતુર

## અમરેલીનાં ઠેબી જળાશયનાં ૧૨ દરવાજા ૩–૩ ફુટ ખોલાયા

### શહેરનાં અનેક વિસ્તારોમાં ગોઠણડૂબ પાણી ભરાયા



અમરેલી, તા. ૨૨

અમરેલી, ચિતલ તથા આજુબાજુનાં વિસ્તારમાં બપોરનાં સમયે પડેલા ભારે વરસાદનાં કારણે અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી ડેમનાં ૧૨ દરવાજા ૩–૩ ફૂટ ખોલવામાં આવ્યાં હતાં.

અમરેલી પંથકમાં આજે અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલા શહેરની ઘટના

## ભૂલથી અનાજમાં નાખવાનો ઝેરી પાવડર પી લેતા યુવતીનું મોત

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા ગામે રહેતી રિધ્ધિબેન અરવિંદભાઈ ચૌહાણ નામની ૧૮ વર્ષિય યુવતીએ ભૂલથી અનાજમાં નાખવાનાં ઝેરી દવાનો પાવડર પી લેતા તેણીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં તેણીનું મોત નિપજયાનું સાવરકુંડલા ટાઉન પોલીસમાં જાહેર થવા પામેલ છે.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
સાતમાં વર્ષમાં મંગલ પ્રવેશ
શ્રી ભુરખીયા દાદા તથા વડિલોના આશીર્વાદથી અમારી અત્યાધુનિક સાધનોથી સુસજ્જ હોસ્પિટલમાં વિશ્વાસ મુકી સારવાર લેવા આવતા માતા, બહેનો અને બાળકોની યોગ્ય સારવાર, દેખભાળ તથા સંતોષ સાથે છ વર્ષ પૂર્ણ કરીએ છીએ. ત્યારે સાતમાં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે સગા, સ્નેહીશ્રીઓ, જ્ઞાતિજનો, અમારા શુભેચ્છકો, સામાજીક સંસ્થાઓ, અમારા સાથી ડોકટરમિત્રો અને નામી-અનામી કે જેઓએ સાથ સહકાર આપી અમારૂ મનોબળ અને ઉત્સાહ વધારેલ છે તે તમામનો અમો ખરા અંતઃકરણ પૂર્વક સહર્ષ આભાર માનીએ છીએ.
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
(સ્ત્રીરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :-
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી
- પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :-
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
આપના આભારી ડૉ. ચિરાગ વી. કુબાવત ■ ડૉ. ઉપાસના સી. કુબાવત તથા નારી હોસ્પિટલ પરિવાર...
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324 ■ 9157221324

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
તો નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ પાસે કાનની તપાસ કરાવો
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કોકલીયર ઈમ્પ્લાન્ટનું જુનું મશીન
કોકલીયર ઈમ્પ્લાન્ટનું નવું મશીન
કોકલીયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન વિશે માર્ગદર્શન મળશે.
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

ડૉ. વિવેક જોષી
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
M.B.D.P.M. FIPS.MIAPP
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
ડિપ્રેશન ■ ચિંતા ■ ધનુરોગ ■ વિચારવાયુ ■ વહેમ ■ શંકા ■ મરવાના વિચારો ■ સ્કીઝોફેનીયા ■ માથાનો દુઃખાવો ■ ખેંચ ■ આંચકી ■ વાઈ ■ તાણ ■ વ્યસનમુકિત ■ યાદશકિત ઓછી હોવી ■ બાળ માનસીક રોગો.
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

### ભારે વરસાદથી પરેશાની વધી રહી છે

# અમરેલીની ફાયર ટીમે ચિતલમાં પાણીમાં ફસાયેલ વૃધ્ધાને બચાવી લેવાયા

### કપડા ધોવા ગયા હોય પાણીમાં ફસાયા



અમરેલી, તા. ૨૨

અમરેલી પાસેનાં ચિતલ મુકામે ધોધમાર વરસાદ પડવાના કારણે સ્થાનિક નદીમાં અચાનક પાણીનો વધારો થતાં જેને લઈ નદી પાસેનાં વિસ્તાર પર એક વૃધ્ધાને બચાવવા માટે અમરેલી ફાયર કંટ્રોલરૂમને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. આ બનાવની જાણ થતાની સાથે જ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલી તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર જઈ અને વૃધ્ધાને સહી સલામત રીતે રેસ્કયુ કરી અને સલામત સ્થળે ખસેડાયા હતાં.

### નાના એવાં ગામમાં આભ ફાટતા ગામજનો પરેશાન થયા

# અમરેલીનાં ચિતલ અને જશવંતગઢમાં મેઘરાજાની તોફાની બેટિંગ : 3 કલાકમાં ૧૦ ઈંચ વરસાદ

### નીંચાણવાળા વિસ્તારોમાં ઘરમાં પાણી ઘુસી ગયા : સર્વત્ર જળબંબાકાર





ચિતલ, તા. ૨૨

છેલ્લા અઠવાડીયાથી ચિતલ, જસવંતગઢ પંથકમાં મેઘાવી માહોલ છવાયો છે. આજરોજ બપોરે એક વાગ્યાથી ત્રણ કલાકમાં અનરાધાર ૧૦ ઈંચ વરસાદ પડી જતા ચિતલ, જસવંતગઢની ઠેબી નદીમાં ઘોડાપુર આવી ગયા હતા. જયારે ચિતલનાં જીનપ્લોટ, દેવીપૂજકવાસ, ખાટકીવાસ, ધૂડખાડા સહિત રહેવાસીઓનાં તથા જસવંતગઢનાં નિંચાણવાળા વિસ્તારોનાં ઘરોમાં પાણી ઘૂસી જતાં ભારે અફરા–તફરી છવાઈ. જોકે સદ્‌નસીબે કોઈ જાનહાની થઈ નથી. આજુબાજુનાં તમામ ગ્રામ્ય પંથકમાં વ્યાપક વરસાદ પડવાથી ચિતલનાં ઠેબી નદીમાં ઘોડાપુર આવતા નદીનાં પાણી ચિતલની મેઈન બજારમાં અડધે સુધી ઘુસી ગયા હતા. જયારે ખેતીવાડીમાં નહેરો, પાળા ટૂટી જતાં ખેતરો, વાડીમાં પાણી ભરાઈ જતા મગફળી, કપાસ સહિતનાં પાકોનું ધોવાણ થયું હતું. આ લખાય છે ત્યારે સાંજે ૬ વાગે ફરી વરસાદ શરૂ થયો છે. એટલે લોકો, પ્રજાજનોમાં ભયનો માહોલ છવાયો છે.

### ઠેબી જળાશયનાં દરવાજા ખોલાતા ઘોડાપુર આવ્યું

# અમરેલીમાં ઠેબી નદીમાં આવેલ પાણીનાં પુરને નિહાળવા જનમેદની ઉમટી

### જેશીંગપરાનાં પુલ ઉપર ટ્રાફિકજામ થયો



અમરેલી,તા. ૨૨

અમરેલીના ઠેબી ડેમના ૧૨ દરવાજા ખોલાતા અમરેલીના જેશીંગપરામાં જવાના નીચેના પુલ ઉપર પાણી ફરી વળ્યા હતાં જેને નિહાળવા માટે જેશીંગ પરામાં જવાના ઊંચા પુલ ઉપર લોકોનાના ટોળાઓ પૂરનો પ્રવાહ જોવા ઉમટ્યા હતાં.જેથી પુલ ઉપર લોકોના ટોળાથી વાહનોના થપ્પા લાગ્યા જેથી

અમરેલી પોલીસ અને ફાયર વિભાગ દ્વારા પુલ પરથી લોકોને હટાવ્યા હતાં.

### કોટડાપીઠા સહિતનાં ગ્રામ્ય પંથકમાં

# મેઘરાજાની તોફાની બેટીંગ : ૩ ઈંચ વરસાદ





તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા


કોટડાપીઠા, તા. ૨૨

બાબરા તાલુકાનાં કોટડાપીઠા તેમજ આજુબાજુનાં ગ્રામ્ય પંથકમાં આજે બપોરનાં એકાદ કલાકમાં જોરદાર તોફાની બેટીંગમાં–૩ (ત્રણ) ઈંચ વરસાદ પડેલ છે. આ વરસાદથી આ વિસ્તારમાં તમામ ચેકડેમો છલકાયેલ છે તેમજ ધોબીયારા તળાવમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થયેલ છે. આ લખાય છે ત્યારે ચાર વાગ્યે પણ ધીમીધારે વરસાદ ચાલું છે. હાલ આ વિસ્તારમાં સતત વરસાદથી મોલાત પીળી પડી ગયેલ છે. તેમજ વૃધ્ધી અટકી ગયેલ છે.

### એન.ડી.આર.એફની ટીમ દ્વારા શોધખોળ થતા

# વડીયામાં ખાનખીજડીયા ગામે પુરમાં તણાયેલ યુવકનો મૃતદેહ હાથ લાગ્યો

### પરિવારમાં કમાનાર યુવકનાં મોતથી શોક છંવાયો





વડિયા, તા. ૨૨

વડિયાનાં ખાનખીજડીયા ગામેથી ઢૂંઢિયાપીપળીયા તરફ જવાનાં રસ્તે ગામનાં સ્મશાન પાસે આવેલી વોકળા પરનો બેઠાપુલ પર બપોરે ત્રણ વાગ્યા પછીનાં વરસાદનાં પાણીનાં વહેણ આવતા મોટરસાઈકલ સાથે પસાર થતાં યુવક મોટરસાયકલ સાથે તણાતો હોવાનો લાઈવ વિડિયો વાયરલ થયો હતો અને સ્થાનિક લોકોને અને સ્થાનિક વહીવટી તંત્રને તેની જાણ થતાં તે ઘટના સ્થળે પહોંચી યુવકની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. અને ફાયર વિભાગ અને સ્થાનિક તરવૈયાએ એ રાત સુધી શોધખોળ કરી હોવા છતાં યુવકની ભાળનાં મળતા અંતે વહેલી સવારે એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા શોધખોળ શરૂ કરી હતી. બાદમાં સવારે તણાયેલા યુવાનનો તણાયાની જગ્યાથી એક કિમી દુર મૃતદેહની શોધખોળ બાદ મળ્યો હતો. આ મૃતદેહને વડિયા સિવિલ હોસ્પિટલ લાવી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. આ યુવક તણાતા તેના પરિવારનો મુખ્ય કમાનાર વ્યકિત ગુમાવતા પરિવાર નિરાધાર બન્યો છે. ત્યારે આ બાબતે તેના નિરાધાર પરિવારને યોગ્ય સહાય પ્રાપ્ત થાય તેવી જરૂરી સુચના ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ તંત્ર આપી હતી.

### અમરેલી ખાતે આવેલ

# જિલ્લા જેલનાં યાર્ડ નં. ૧ની બેરેક પાસેથી મોબાઈલ ફોન તથા ચાર્જર મળી આવ્યા

### બનાવ અંગે સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૨, અમરેલીમાં આવેલ જિલ્લા જેલમાં કોઈ અજાણ્યા ઈસમે તા. ૨૧નાં રાત્રીનાં સમયે જેલનાં યાર્ડ નં. ૧ની બેરેક નં. ૨ ની બેરેકની અંદર આવેલ શૌચાલયમાં લોખંડના દરવાજાની સાઈડની પટ્ટીમાં ખાડો કરી પ્લાસ્ટીકની કોથળીમાં રાખેલ મોબાઈલ ફોન બેટરી સાથે તથા શૌચાલયની ઉપરનાં ભાગે રાખેલ વાયરીંગ પેનલમાં ખાડો કરી છુપાવી રાખેલ ચાર્જ–૧ મળી આવતાં સીટી પોલીસમાં અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાઈ છે.

### રાજુલા શહેરની ઘટના

# કોર્ટમાં કરેલ ફરિયાદમાં સમાધાન કરવા માટે થઈ યુવકને આડેધડ માર માર્યો

### ફેકચર કરી દઈ યુવકનાં ખિસ્સામાંથી રૂા. ૭ હજારની લૂંટ

અમરેલી, તા. ૨૨

રાજુલા ગામે રહેતા હરસુરભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ ધાખડા નામનાં ૨૭ વર્ષિય યુવક ગત તા. ૨૦નાં રોજ પોતાના મમ્મીને મળવા જતાં હતા. ત્યારે તેઓ ફોરેસ્ટ ઓફિસવાળા ખાંચામાં પહોંચ્યા હતા ત્યારે રાજુલા ગામે રહેતા ઈન્દ્રજીતભાઈ ખોડુભાઈ ધાધલ તથા એક અજાણ્યા માણસે તેમને રોકી અગાઉ રાજુલા કોર્ટમાં ફરિયાદ કરેલ છે તેમાં સમાધાન કરી લે. તેમ કહી લોખંડના પાઈપ વડે આડેધડ માર મારી યુવકને હાથ–પગમાં ફેકચર કરી દઈ તથા યુવકનાં ખિસ્સામાંથી રૂા. ૭ હજારની લૂંટ ચલાવી નાશી ગયાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.

### અમરેલી નજીક આવેલ

# મોણપુર તથા દહીડા જવાનાં માર્ગ ઉપરથી વિદેશી દારૂ સાથે ૩ની અટકાયત

અમરેલી, તા. ૨૨

મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ ધરાઈ ગામે રહેતા મહોબતભાઈ નસરૂભાઈ વસુનીયા નામનો યુવક પોતાના હવાલાવાળા બાઈક નં. જીજે–૦૧ ઈસી ૧૦૯૭માં વિદેશી દારૂની બોટલ નંગ–૧૦ કિંમત રૂા. ૫૦૦૦ની લઈ નીકળતા તાલુકા પોલીસે તેમને મોટર સાયકલ સહિત રૂા. ૨૦ હજારનાં મુદામાલ સાથે ઝડપી લીધો હતો.

જયારે મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ દહીડા ગામે રહેતા કેશરભાઈ ભીમસિંગ ઉર્ફે રૂમાલભાઈ મોવાડા તથા રાકેશભાઈ સુરાભાઈ વસુનીયા પોતાના હવાલાવાળા બાઈક નં. જીજે–૨૭ સીઆર ૬૬૪૦માં વિદેશી દારૂની અલગ અલગ બોટલ તથા બાઈક સહિત રૂા. ૨૧૪૭૨નાં મુદામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

### અમરેલી શહેરમાં આવેલ

# મુરલીધર પાનની દુકાનમાં કામ કરતા બાળશ્રમિકને મુકત કરાવતાં અધિકારી

અમરેલી, તા. ૨૨

અમરેલીનાં ફોરવર્ડ સર્કલ પાસે આવેલ મુરલીધર પાન એન્ડ કોલ્ડ્રીંકસ નામની દુકાનમાં કામ કરતા આશરે ૧૦ વર્ષના બાળકને શ્રમ અધિકારી તથા બાળમજૂર અધિકારીએ છોડાવી આ બાળ શ્રમિકને બાળ સંરક્ષણ અમરેલીને સોંપી દુકાનનાં સંચાલક વિલાસભાઈ જગન્નાથભાઈ ઠાકરે સામે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવાય છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલાની ઓઈલ મીલમાંથી શીંગતેલના ડબાની ચોરી કરનાર આરોપી ઝડપાયા

### જુદા–જુદા ગામના ૩ વ્યકિતઓની અટકાયત



અમરેલી, તા. ૨૨

રાજુલાના ડુંગર રોડ ઉપર આવેલ મહાલક્ષ્મી મીની ઓઈલ મીલમાંથી ચોરી થયેલ શીંગતેલ ભરેલા ડબ્બા નંગ–૧૫ તથા રોકડ મળી કુલ કિ. રૂા. ૬૦,૦૦૦ની થયેલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીઓને રાજુલા પોલીસ ટીમે ઝડપી લીધેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ મિલ્કત સંબંધી ગુન્હાના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુન્હાઓ ડીરેકટ કરવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. સી.એસ. કુગસીયાની રાહબરી હેઠળ રાજુલા, ડુંગર રોડ ઉપર આવેલ મહાલક્ષ્મી મીની ઓઈલ મીલમાંથી શીંગતેલ ભરેલા ડબ્બા નંગ–૧૫ તથા રોકડ રૂા. ૧૫,૦૦૦ મળી કુલ કિ. રૂા. ૬૦,૦૦૦ની ચોરીના ગુન્હાને અંજામ આપી નાસી ગયેલ હોય, આરોપીઓ અંગે ખાનગી બાતમીદારો મારફતે આરોપીઓ અંગે ચોકકસ બાતમી મેળવી, ઉપરોકત ચોરીના ગુન્હાને અંજામ આપનાર આરોપી વિક્રમભાઈ કેશુભાઈ ઉર્ફે કેશાભાઈ પરમાર રહે. વીજપડી, નાથાભાઈ ભીમાભાઈ પરમાર, રહે. કરમદીયા (તા. મહુવા) તથા દેવાતભાઈ ઉર્ફે દેવાતભાઈ સંગ્રામભાઈ ચારોલીયા રહે. વડલી વાળાને ચોરીમાં ગયેલ શીંગતેલના ડબ્બા નંગ–૧૫ તથા ગુન્હો આચરતી વખતે ઉપયોગમાં લીધેલ એક બોલેરો ગાડી તથા લોખંડના સળીયા સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# નેસડી ખાતે શાળામાં અભિવાદન સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૨

તાજેતરમાં યોજાયેલી જ્ઞાન સાધના તથા જ્ઞાન સેતુ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટેનો માર્ગદર્શન સેમિનાર નેસડી પ્રાથમિક શાળામાં રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાવરકુંડલા કલસ્ટર–૨ ના સીઆરસી કૃતિકાબેન ત્રિવેદી દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં કલસ્ટર–૨ માં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ, વાલીઓ અને આચાર્યઓ ઉપસ્થિત રહ્યા હતા. નેસડી પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ મહેતા દ્વારા મહેમાનોનું સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યુ હતું. અંતમા ઉપાચાર્ય હસુભાઈ મૈસુરીયા દ્વારા વિદ્યાર્થી તથા વાલીઓને શુભેચ્છા સાથે આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

### ઢુંઢીયા પીપળીયામાં ૨ કલાકમા પાંચ ઈંચ વરસાદ

# વડિયા પંથકમાં સતત ધોધમાર વરસાદથી સૂર્ય ડેમ ફરી ઓવરફલો થયો

### સુરવો ડેમનાં ત્રણ દરવાજા ત્રણ ફૂટ ખોલવાની તંત્રને ફરજ પડી





વડિયા, તા. ૨૨

વડિયા તાલુકાનાં ઢુંઢીયા પીપળીયા ગામે આભ ફાટયું માત્ર બે કલાકમાં પાંચ ઈંચ વરસાદ ખાબકયો. વડિયામાં અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. વડિયા તાલુકાનાં ઢુંઢીયા પીપળીયા ગામે જો વરસાદે ખમૈયા નો કર્યા હોત તો સમગ્ર ગામમાં પાણી ઘૂસી જવાની દહેશત જોવા મળી રહી હતી. ઢુંઢીયા પીપળીયા ગામની નદીઓમાં ઘોડાપૂર આવ્યું હતું. પરંતુ વરસાદે વિરામ લેતાં પાણી ઓસર્યા હતા.

વડિયા પંથકમાં છેલ્લા બે અઠવાડિયાથીસ સતત વરસી રહેલા વરસાદને કારણે લોકો અને ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સમગ્ર અમરેલી જિલ્લામાં સૌથી વધુ વરસાદ વડિયા તાલુકામાં પડયો છે. ત્યારે હવે ખમૈયા કરે તેવી પ્રાર્થના પણ લોકો કરી રહ્યાં છે.

## સત્તાધીશો કે વિપક્ષો સ્વવિકાસમાં વ્યસ્ત હોવાથી ધ્યાન આપી શકતા નથી

# હવે, તો જે કાંઈ કરવાનું છે તે જનતાએ જ કરવાનું છે

**મણિપુરની ઘટના હોય કે અમદાવાદનો માર્ગ અસ્કમાત હોય કે પછી રેલ અકસ્માતો હોય જાડી ચામડીની સરકારને કોઈની ચિંતા નથી**

**સત્તાધારી અને વિપક્ષી આગેવાનો એકબીજા પર દોષારોપણ કરીને જનતાને અવળે માર્ગે ચડાવી દે છે**

**જનતાએ હવે રાજકીય આગેવાનો સાથે ફોટો સેશન બંધ કરીને આકરા પ્રશ્નો પુછવા પડશે નહી તો પરિસ્થિતિ ગંભીર બનશે**

**કોઈપણ પ્રકારનાં પ્રલોભન વગર મતદાનનાં દિવસે લાખ વાર વિચાર કરીને ઈવીએમનું બટન દબાવો તો જ કંઈક થશે**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં અનેક ઘટનાઓ સૌ કોઈનું દિલ હચમચાવી દે તેવી બની રહી છે. છતાં પણ શાસકોનાં પેટનું પાણી હલતું નથી અને શાસકોને ગમે તેવા ગંભીર મુદાને પણ ડાયવર્ટ કરવાનું ફાવી ગયું છે અને તેઓ વિપક્ષી રાજયનાં એકાદ ગંભીર મુદાને હાઈલાઈટ કરીને તેની કપડા પર પણ દાગ છે તેવું કહીને વિપક્ષને ઉશ્કેરે અને સામસામી બંનેની દલીલ શરૂ થાય અને જનતાની સમસ્યા કોરાણે મુકાઈ જાય.

તાજેતરમાં મણિપુર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર વિશ્વ સ્તબ્ધ બની ગયું. ભારત વર્ષનાં ઈતિહાસમાં કયારેય ન બની હોય તેવી કલંકિત ઘટના બની અને તેમાં ડબલ એન્જિનની સરકારને બધી જ હકીકત ખબર હોવા છતાં કોઈ એકશન લેવામાં ન આવ્યા અને વિડીયો વાયરલ થવાનો સમયને લઈને ચર્ચા શરૂ કરી દીધી અને શાસકો વિપક્ષી રાજયનો એક બનાવ લઈને દલીલમાં પડયા કે ત્યાં પણ આવું થાય છે.

અમદાવાદમાં એક અમીર બાપનાં દીકરાએ ૯ નિર્દોષ વ્યકિતઓને કચડી નાખ્યા, મહિલા પહેલવાનો ન્યાય માંગીને થાકી ગઈ, માર્ગો પર ખાડાઓ, રખડતા પશુઓ, અવારનવાર ફૂટી જતાં સ્પર્ધાત્મક પરીક્ષાનાં પેપરો સહિતની અઢળક સમસ્યાઓ વિકરાળ બની ચુકી છે અને શાસકો કે વિપક્ષો તેની ગંભીરતાથી ચર્ચા કરતાં નથી.

અમરેલી જિલ્લા સહિત દેશભરની જનતાએ હવે જાગૃત થવું પડશે. કોઈ રાજકીય પક્ષ તમારૂ કલ્યાણ કરવાનો નથી તે તેમના કાર્યકરો અને આગેવાનોનાં હિતમાં જ કામ કરે છે. કારણ કે ચૂંટણીનાં દિવસોમાં જનતાને નાત-જાતનાં ભેદ કરાવીને મત મેળવી લે છે અને જનતા પાંચ વર્ષ અફસોસ કર્યા કરે છે.

સમગ્ર દેશવાસીઓએ માત્ર એક જ દિવસ એટલે કે સરપંચથી લઈને સાંસદની ચૂંટણી હોય ત્યારે લાખ વાર વિચાર કરીને તેમનો પ્રતિનિધિ કેવો છે તેના આધારે મત આપવો પડશે અને ચૂંટાયેલ પ્રતિનિધિ સાથે ઉભા રહીને ફોટોસેશનનો મોહ છોડીને તેમને તમારી સમસ્યાનું નિરાકરણ પુછવું પડશે તો લોકશાહી બચશે નહી તો અધિકારીશાહી અને પદાધિકારીશાહી વધારે ને વધારે મજબૂત બનશે. જનતાની પરેશાની વધતી જ રહેશે.

### મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ સહિતની સંસ્થાઓ દ્વારા

# અમરેલી ખાતે કવિશ્રી ઉમાશંકર જોષીની જન્મજયંતીની ઉજવણી

**મોટી સંખ્યામાં સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં**

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં તા. ૨૧/૭/૨૦૨૩ ના રોજ રમેશ પારેખ સાહિત્ય વર્તુળ અને મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનાં અકાદમી સાથેનાં સહયોગીપણામાં આ સુંદર સાહિત્યિક ઉપક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં કવિશ્રી ઉમાશંકર જોશી વિશે અભ્યાસપુર્ણ અને મનનીય વ્યાખ્યાન આપતી વેળાએ કવિશ્રી સંજુ વાળાએ કહયું કે, "મંગલ શબ્દનો ઉપાસક કવિ બહુ સરળતાથી ચેતનમંત્રને ઓળખી લેતો હોય છે. ઉમાશંકર એમાના એક છે. "એમણે એમની વાત દરમ્યાન ઉમાશંકર જોશીની કવિતા વિશે પોતાનાં આગવા અંદાજથી સૂક્ષ્મ તારણો સાથેની રજુઆતથી ઉપસ્થિત શ્રોતાગણની વાહ વાહ મેળવી હતી.



બીજા એવા જ વકતા અને કવિ ગોપાલ ધકાણ દ્વારા પોતાની આગવી પઠનશૈલીથી ઉમાશંકર જોશીની કવિતાઓનું પઠન કરવામાં આવ્યું. મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનાં પ્રિન્સિપાલ ડો.બલભદ્રસિંહ ચુડાસમાએ સ્વાગત, રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ હરજીવન દાફડાએ સંસ્થા પરિચય અને કવિ મુકેશ જોગીએ આભાર વ્યકત કર્યો હતો. કેતન કાનપરિયાએ સંયોજક અને સંચાલકની ભૂમિકા ખુબ સરસ નિભાવી હતી. આર.પી.જોશીએ સંજુ વાળાનો પરિચય આપ્યો હતો.

આ પ્રસંગે છેલભાઈ વ્યાસ, ચતુરભાઈ ખુંટ, હસમુખભાઈ પટેલ, ધર્મેશ ઉનાગર, ઉમેશ જોશી, ઉદય દેસાઈ, મહેન્દ્રભાઈ જોશી, શીલાબેન મહેતા, કનુભાઈ લીંબાસિયા, ગોરધન ભેસાણિયા, ભરત અગ્રાવત, હરગોવિંદ પંડયા,ભીખુભાઈ જોશી, સંજય દવે, અરવિંદ દવે, કિરણ નાંઢા સહિત બહોળી સંખ્યામાં સાહિત્યરસીકો અને મોંઘીબા મહિલા કોલેજનાં પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

રમેશ પારેખ સાહિત્ય વર્તુળ નાં સ્નેહી પરમાર, હરેશ વડાવિયા, રોહિત જીવાણી, મુકેશ દવે, ધ્રુવ મહેતા, કેતન કાનપરિયા, ગોપાલ ધકાણ, મુકેશ જોગી સૌનાં પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર એન જહેમતથી આ સુંદર સાહિત્યિક ઉપક્રમ સફળ રહયો હતો.

# રાજુલા-જાફરાબાદ પંથકમાં ખેડૂતોને યુરીયા ખાતરની તંગી



અમરેલી, તા. ૨૨

દેશમાં ખેડૂતોને વાવેતર પછી વરસાદ થાય એટલે યુરીયા ખાતર પાક ઉપર છાંટવામાં આવે છે. જે હાલમાં ખેડૂતો વરસાદ બહુ જ છે પણ ઉઘાડ થાય એટલે યુરીયા ખાતર પાકમાં ખેતરમાં નંખાઈ જવું જોઈએ. પણ હાલમાં યુરીયા ખાતરની કૃત્રિમ તંગી છેલ્લા કેટલાક દિવસથી જોવા મળી રહી છે.

સરકાર દ્વારા લીમડાયુકત ખાતર કરવામાં આવ્યું ઘણીવાર છાશવારે કેમિકલ્સ ફેકટરીમાં યુરીયા પકડયા છે. સમાચારમાં ઘણી જગ્યાઓએ દૂધ યુરીયા ખાતર બનાવવાની ઘટના ન્યુઝમાં જોવા મળેલ છે. વિવિધ મંડલીઓ, સંસ્થાઓ યુરીયા ખાતર વિતરણ થાય છે દવા વેચાણ કરતી દુકાનો યુરીયા ખાતર વેચાણ કરતા હોય છે.

તેવામાં ખેડૂતોને ધક્કા ખાવા પડે છે. ખાતર આવે એટલે યુરીયા ખાતર ખાલી થઈ જાય છે. જે યુરીયા ખાતર નથી બોર્ડ લાગી જતાં હોય છે. આમ તો સ્ટોરેજ વ્યવસ્થા ન હોય તો એ વિસ્તારમાં તંગી રહે પરંતુ હાલમાં અમરેલી, રાજુલા, જાફરાબાદમાં યુરીયા ખાતરની તંગીથી ખેડૂતો દુઃખી થઈ રહ્યો છે.

# જિલ્લામાં સભા, સરઘસ અને હથિયારબંધી

અમરેલી તા. ૨૨

આગામી દિવસોમાં મહોરમ (તાજીયા) તહેવારની ઉજવણી અને હાલની વર્તમાન સ્થિતિમાં કાયદો અને વ્યવસ્થા ઉપરાંત જાહેર સુલેહ-શાંતિને ધ્યાનમાં રાખીને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આગામી તા. ૪ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી જિલ્લામાં સભા- સરઘસ હથિયારબંધી, છટાદાર ભાષણ આપવાની પણ મનાઈ અને સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતના પ્રતિબંધો જાહેર કરવામાં આવ્યા છે.

ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધસરકારી કર્મચારી- અધિકારીને, શારીરિક અશકત વ્યકિતઓને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ- ૧૩૧ અને કલમ-૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

### કાર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવતા

# ઉનાનાં તડ ગામે કાર ઝાડ સાથે અથડાતાં ચાલકનું નિપજયું મોત

**દિવથી કેસરીયા ગામ જતાં ઘટના ઘટી**

ઉના, તા. ૨૨

કોડિનાર તાલુકાનાં પેઢાવાડા ગામે રહેતા દીપભાઈ વજુભાઈ ડોડીયા(ઉ.વ.૨૨) વાળાઓ પોતાની જીજે ૧૮ બીડી ૦૩૩૩ વાળી કાર લઈ દિવ ખાતે એગ્રોની મિટીંગમાં ગયેલ હોય અને રાત્રી રોકાણ બાદ સવારનાં ૭:૩૦ વાગ્યાની આસપાસ દિવથી કોડિનાર જવા નીકળેલ હોય ત્યારે તડ ગામ પાસે પહોંચતા દીપભાઈએ કારનાં સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા ભૂતડાદાદાનાં મંદિર પાસેના ભાગે આવેલ ઝાડ સાથે ટકરાતા હાથ પગ ખભા અને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહી લુહાણ હાલતમાં ૧૦૮ની મદદથી કોડીનાર સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સારવાર દરમિયાન મોત નીપજતા મૃતકને પી.એમ. અર્થે ખસેડવામાં આવતા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

# જ્ઞાન સહાયક શિક્ષકની જગ્યાએ કાયમી શિક્ષકની ભરતી કરો : તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી

અમરેલી, તા. ૨૨

ગુજરાતમાં ભાજપનાં રાજમાં શિક્ષકોની માઠી દશા બેઠી છે, જયારથી ભાજપની સરકાર આવી ત્યારથી જ ગુજરાત રાજયમાં શિક્ષણની દશા પણ માઠી બેસી ગઈ છે. અને શિક્ષકોની હાલત કફોડી બની ગઈ છે. સરકારી શિક્ષકો પાસે શિક્ષણકાર્ય કરાવવાનાં બદલે આ ગુજરાતની ભાજપ સરકાર બીજી પ્રવૃતિઓ વધારે કરાવતી હોવાથી આજે ગુજરાતની અંદર શિક્ષણનું સ્તર કથળી ગયું છે, ગુજરાતની મોટાભાગની સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. ત્યારે ગુજરાતની ભાજપ સરકાર કાયમી શિક્ષકોની ભરતી કરવાનાં બદલે જ્ઞાન સહાયકનાં રૂપકડા નામ સાથે કરાર આધારિત ભરતી કરીને શિક્ષિત યુવાનોનું શોષણ કરીને શિક્ષણને ખાડામાં લઈ જવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર કરી રહી છે. ખરેખર તો ગુજરાતમાં હજારો યુવાનો ટેટ-ટાટ પરિક્ષા પાસ કરીને કાયમી શિક્ષકની નોકરીની રાહ જોઈને બેઠા છે. ત્યારે ગુજરાતની આ ભાજપ સરકારે આ શિક્ષિત યુવાનોનાં સપનાઓને રોળવાનું કામ કરી રહી છે, ગુજરાતની સરકારી શાળાઓમાં જ્ઞાન સહાયક શિક્ષકનાં બદલે કાયમી શિક્ષકની ભરતી કરવા માટે અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ માંગ કરી છે.





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









# એક વખત એવું બન્યું (મિશન મધ્યાહન ભોજન)

**ભાગ-૨૭**

**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે)**

જામખંભાળિયામાં મધ્યાહન ભોજન ખૂબ ખરાબ હાલતમાં હતું. કેટલાક કેન્દ્રો ખરેખર વર્ષોથી બંધ હાલતમાં હતા પરંતુ કાગળ પર ચાલુ હતા. કેટલાક કેન્દ્રો ચાર્જમાં આપેલા હતા. હકીકતમાં ત્યાંના વિદ્યાર્થીઓને બપોરનું ભોજન મળતું નહીં. મધ્યાહ્ન ભોજન શાખામાં કોઈપણ પ્રકારની કામગીરી સંતોષકારક હતી નહીં. મારા અગાઉ લગભગ બે વર્ષ પહેલા એક સારા નાયબ મામલતદાર મધ્યાહ્ન ભોજનમાં રહી ચૂકેલા જેને ખૂબ સારી કામગીરી કરેલ. પરંતુ પછીના બે વર્ષમાં ચાર્જમાં રહેલા નાયબ મામલતદારોએ ખાસ કશું ધ્યાન આપ્યું નહીં. સુધારો કરવાની જવાબદારી મારી આવી. મેં પણ જેમ ચાલે છે તેમ ચાલવા દીધું હોત તો કદાચ ઘણાં પ્રશ્નો ઉદ્ભવ્યા ન હોત અને મારે સંઘર્ષનો સામનો કરવો ન પડયો હોત. પરંતુ એ મારો સ્વભાવ ન હતો. કુદરતી જ અમારી મધ્યાહ્ન ભોજન બ્રાન્ચમાં નવા સુપરવાઈઝર બહેન જયશ્રીબેન મંગેરાની નિમણૂક થઈ. આ બહેન જાણકાર, અનુભવી, ઉત્સાહી અને ખાસ તો કામ કરવાની ધગશવાળા હતા. મેં એમને કહ્યું કે બેન તમારે સુપરવિઝન કરવા સિવાય પણ અમને મદદ કરવી પડશે. ગમે તેમ કરીને ખંભાળિયાના મધ્યાહ્ન ભોજનની ગાડી પાટે ચડાવી પડશે. એમની સાથે મેં અમારા યુવાન અને ઉત્સાહી કલાર્ક રાણાભાઈને અને નાયબ મામલતદાર અસારીબેનને ટીમમાં સામેલ કરી અભિયાન શરૂ કર્યુ.

સૌથી પહેલાં તો પેપરવર્ક કરીને ખરેખર કુલ કેન્દ્રો કેટલા ? એમાંથી કેટલા ચાલુ ? કેટલા બંધ ? કેટલા ચાર્જમાં ? વગેરે બાબતો જાણી ત્યારબાદ ૬૦ જેટલા બંધ કેન્દ્રોની એક મોટી ભરતીનું જાહેરનામું બહાર પાડયું. ઘણા ફોર્મ્સ ભરાયા અને ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું. અમે બધાએ સાથે મળીને ઈન્ટરવ્યૂ લીધા. લગભગ આખો દિવસ આ પ્રક્રિયા ચાલી. સરકારશ્રીના પરિપત્રને સંપૂર્ણપણે વળગી રહેવાની સાથોસાથ જરૂરિયાતમંદ, વિધવા અને ત્યકતા બહેનો તેમજ અપંગ ઉમેદવારો અને ખાસ કરીને જે લાંબુ ટકે એમને શોધી શોધીને પસંદ કર્યા. ખાસ તો પોતે જાતે કેન્દ્ર ચલાવે તેવાને તેમની રૂબરૂમાં જ કોઈપણ પ્રકારના નાણાકીય વહીવટો વગર તે જ દિવસે નિમણૂકપત્ર આપવામાં આવ્યા.

આ ભરતીમાં ઘણી ભલામણો આવેલી પરંતુ ખરેખર જે યોગ્ય હતા તેવા જ ઉમેદવારોને અમે ભરતી કર્યા. તેમ છતાં પણ કેટલાક નાના કેન્દ્રો કે જેમાં ખાસ આવક ન હોય, વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી હોય, તે ખાલી રહ્યા. કારણ કે તેમાં કોઈએ પણ ફોર્મ ભર્યા ન હતા. આથી અમે ફરીથી અન્ય બે તબક્કાઓમાં બાકી કેન્દ્રોની ભરતી પ્રક્રિયાઓ પૂર્ણ કરી અને આ ગામડાઓમાં જઈને ત્યાંના વિધવા સહાય મેળવતા બહેનોને સમજાવ્યા. જો તેઓ ૧૦-૧૫ બાળકોને ભોજન કરાવે તો સાથે સાથે તેમના પોતાના ભોજનનો ખર્ચ નીકળી જાય અને થોડી ઘણી બચત પણ થાય તેવી વાત ગળે ઉતારી. તેમના દ્વારા આ નાના ગામડાંઓની નાની શાળાઓમાં મધ્યાહન ભોજન શરૂ કરાવ્યું. એક પણ કેન્દ્ર બંધ ન રહે તેનું ધ્યાન અમે સતત રાખતા. અમે વારાફરતી અલગ અલગ ટીમો બનાવીને અને આકસ્મિક રીતે મધ્યાહ્ન ભોજન કેન્દ્રોની તપાસણીઓ કરતા. લગભગ ૧૫ થી




જાગતે રહો...

ડો. ચિંતન વૈષ્ણવ

મો. ૮૯૮૦૦ ૩૫૦૩૪


૧૭ જેટલા કેન્દ્રોને બંધ કરાવેલ કે જેમાં ગેરરીતિઓ ચાલતી હોઈ અથવા તો કોઈના નામે કોઈ બીજું કેન્દ્રનું સંચાલન કરતું હોય. શાળાના શિક્ષકો અને આચાર્યો પણ મધ્યાહ્ન ભોજન પ્રત્યેની તેમની ફરજથી વાકેફ ન હતા. તેમને પણ વાકેફ કરવામાં આવ્યા. કડક વલણ અપનાવવાનો ફાયદો એ થયો કે વિદ્યાર્થી બાળકોને મેનુ મુજબનું અને આરોગ્યપ્રદ ભોજન મળતું થયું.

આ ભરતીમાં અહીંનું એક ગામ આહીર સિંહણ ખૂબ વિવાદમાં રહ્યું. આ ગામમા બીજાના નામે એક ભૂદેવ કે જે ભૂતકાળમાં મામલતદાર કચેરીના પટ્ટાવાળા હતા. તે કેન્દ્રનું સંચાલન કરતા હોવાથી મેં આ કેન્દ્ર બંધ કરાવેલ. આ વખતની ભરતીમાં તેમણે તેમની દીકરીના નામે ફોર્મ ભરાવેલ. આ કેન્દ્ર પર પાંચ ઉમેદવારોએ અરજી કરેલ. જેમાં એક આ બહેન હતા. બીજા એક તદ્દન નજીકના ગામના અપંગ ઉમેદવાર હતા અને અન્ય ત્રણ ખંભાળિયા શહેરના પુરૂષ ઉમેદવાર હતા. સરકારી પરિપત્ર મુજબ ગામના લોકલ હોય અને બહેન હોય તેને પ્રથમ અગ્રતા આપવાની હતી. બાજુના નજીકના ગામના હોય અથવા અપંગ ઉમેદવારને પછી અગ્રતા આપવાની હતી. આમ નિયમાનુસાર તો બહેનશ્રીને પ્રાધાન્ય આપવાનું થતું હતું. પરંતુ ઈન્ટરવ્યૂ સમયે મેં પૂછેલા એક પ્રશ્નના જવાબમાં બહેનશ્રીએ એવું કહ્યું કે હાલ હું જામનગર રહું છું. પરંતુ આહીર સિંહણ ગામમાં રહેવા આવી જઈશ એટલે મને થોડી શંકા ગઈ. મેં તપાસ કરતા એવું જાણવા મળ્યું કે આ બહેનના લગ્ન જામનગર થયેલા છે. તેમનો પરિવાર પણ ત્યાં જ છે. પરંતુ તેમના પિતાએ આ કેન્દ્ર તેમને સંચાલન કરવા મળે એટલે માત્ર થોડા દિવસ પહેલા જ બહેનનું જામનગર ખાતેનું રેશનકાર્ડ ખંભાળિયામાં આહીર સિંહણ ગામમાં ટ્રાન્સફર કરાવેલ. જેથી કાગળ પર આ બહેન લોકલ રહેતા હોવાનું સાબિત કરી શકે. કેન્દ્રનું સંચાલન કરવા મળી ગયા બાદ ફરીથી રેશનકાર્ડને જામનગર ટ્રાન્સફર કરાવી લેવામાં આવે.

મારા મગજમાં ન્યાયનો સિદ્ધાંત ઘુમવા લાગ્યો. એક બહેન કે જેના પતિ નોકરી કરે છે. જેના પપ્પા કે જે મધ્યાહન ભોજન કેન્દ્રનું સંચાલન કરવા માગે છે, તેઓ પેન્શનર છે. એની સામે નજીકના ગામનો એક અપંગ ઉમેદવાર કે જેના ઘરમાં કમાનાર કોઈ નથી, તેની એસ્સાર કંપનીની નોકરી ચાલી ગઈ છે અને ઘરની જવાબદારી તેના પર છે. તે પોતે જ કેન્દ્ર ચલાવવા માગે છે. આથી અપંગ ઉમેદવારને કેન્દ્રનું સંચાલન કરવા મેં પસંદ કર્યો. મારા આ નિર્ણયથી નારાજ થઈને પેલા ભૂદેવશ્રીએ ગામના સરપંચ, અન્ય આગેવાનો અને આચાર્યશ્રીની મદદથી આવેદનપત્ર આપી વિરોધ કર્યો. ગામના જ ઉમેદવાર હોવા છતાં અન્ય ઉમેદવાર અમારે નથી જોઈતા વગેરે જેવા ખેલ શરૂ કરાવ્યા. પેલા અપંગ ઉમેદવારને ગામમાં પ્રવેશવા પર મનાઈ ફરમાવી. છતાં પણ જો આવશે તો માર મારવાની ધમકી આપવામાં આવી. મધ્યાહન ભોજન કેન્દ્ર છોડી દેવાની ચેતવણી આપી. એ ભાઈ બિચારો મૂંઝાતો મને મળવા આવ્યો. પોતે જરૂરિયાતમંદ છે અને કેન્દ્ર ચલાવવું છે. પરંતુ ઘર-પરિવારમાં સભ્યો આ ધમકીથી ગભરાઈ ગયા હોય કેન્દ્રનું સંચાલન છોડી દેવા બાબતે મને રજૂઆત કરી. મેં કહ્યું હું તમારી સાથે છું. તમે ચિંતા કરો નહીં. દરરોજ આચાર્યને સવારે ફોન કરી વિદ્યાર્થીઓની સંખ્યા જાણી મધ્યાહન ભોજન બનાવી તેમને જમાડો, આચાર્ય અને ગામલોકો તમને શાળાએ આવવા ન દેતા હોય તો તમારા ઘરેથી ભોજન બનાવી અને છોકરાઓને જમાડો પણ પાછી પાની કરો નહીં. હું હતો ત્યાં સુધી મેં કોઈને પણ આ બાબતે મહત્વ આપ્યું નહીં. મીડિયા, રાજકારણ ઘણું વચ્ચે લાવ્યા. ગામ લોકો થાકી ગયા પણ હું ન થાકયો. કારણ કે મારો નિર્ણય સાચો હતો. ઘણી વખત અધિકારીઓ સાચા માણસને સપોર્ટ કરવાને બદલે માત્ર પોતાનો ફાયદો જોતા હોય છે ત્યારે ઘણું દુઃખ થતું હોય છે. પરંતુ મારી ફરજ, મારા સિદ્ધાંતોને હું તો વળગી રહ્યો હતો.

બદલીઓના કિસ્સામાં પણ આવું જ હોય છે. મારા જેવા અધિકારીઓથી વચેટિયાઓને તકલીફ હોય છે. કેટલાક વકીલ મિત્રોને તકલીફ હોય છે. કેટલાક દસ્તાવેજો લખનારાઓને મુશ્કેલી હોય છે. નાના નાના રાજકારણીઓને તો પારાવાર તકલીફો પડતી હોય છે. કેટલાક ખોટા અને ખોટી અરજીઓ કરીને બીજાને હેરાન કરનારા તો કેટલાક આર.ટી.આઈ. એકિટવિસ્ટોને પણ મારાથી તકલીફ હોય છે. ભૂમાફિયાઓ, જમીન કૌંભાંડિયાઓ, ખનીજચોરો આ બધા કંઈ કરી શકતા નથી. પરંતુ જયારે મોટા નેતા સાથે પંગો થતો હોય છે ત્યારે આ બધા તત્વો ભેગા મળી જતા હોય છે. અધિકારીની બદલી માટેના સમીકરણો રચાવા લાગતા હોય છે. કયારેક ખરેખર એવા વિચારો આવે છે કે ડાહી ડાહી વાતો કરનાર તંત્રને સારા અને ચુસ્તપણે નિયમોનું પાલન કરાવવાવાળા અધિકારીઓની જરૂર જ નહિ હોય ? **(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત 'તેજોવધ' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**

**પ્રકરણ-૧૪૬**

**૧૯૫૯, દિલ લૂટને વાલે જાદુગર.. અબ મૈંને તુજે પહેચાના હૈ**

**એક રાત મે દો દો ચાંદ ખીલે.. એક ઘુંઘટ મેં એક બદલી મેં**

પ્રિય વાચક મિત્રો ,

આગામી સપ્તાહમાં 'મોહરમ'નો પવિત્ર તહેવાર છે, સર્વે વાચક મિત્રોને મહોરમ શહાદતના ત્યોહારની શુભ કામનાઓ. સાથે આજના અંકથી ફિલ્મી સફરમાં આપણે ૧૯૫૯ના વર્ષની ફિલ્મોની વાત કરીશું, પણ તે પહેલા ૧૯૫૮ના વર્ષ સમાપ્ત થયું પણ હિન્દી સિનેમા અને દુનિયાથી વિદાય લેનાર કલાકારને જે ૧૯૫૮માં અમર થયા તેને શ્રદ્ધાંજલી અને ફિલ્મ ફેર એવાર્ડની વાત કરી, આપણે ૧૯૫૯ની ફિલ્મો તરફ જઈશું.

**યાકુબ** – યાકુબ ખાન એ હિન્દી સિનેમામાં ૧૯૨૪ થી ૧૯૫૮ સુધી કાર્યરત રહ્યા, અને ત્રણ એપ્રિલ ૧૯૦૩માં જન્મેલા યાકુબ હિન્દી સિનેમાના પાયાના પથ્થર કહી શકાય, ૧૯૨૫ની બાજીરાવ મસતાનીથી અભિનય આપતા યાકુબની અંતિમ ફિલ્મ ટેન આ કલોક રહી જે ૧૯૫૮માં પ્રદર્શિત થઈ હતી, તેઓ ૫૫ વર્ષની વયે મુંબઈમાં અમર થયા ફિલ્મ ફેર એવાર્ડ – ૧૯૫૮ના ફિલ્મ ફેર એવાર્ડ દસ મે ૧૯૫૯માં મુંબઈમાં છઠા ફિલ્મફેર એવોર્ડ્સમાં આપવામાં આવ્યા, જે નીચે મુજબ છે.

**બેસ્ટફિલ્મ** – જેમાં નોમિનેટ સાધના અને તલાકને પાછળ રાખી બિમલ રોયની મધુમતી ખિતાબ જીતી ગઈ, બેસ્ટ ડિરેકટરમાં, બી.આર. ચોપરા, અને મહેશ કેલને પાછળ રાખી બિમલ રોય ફિલ્મ મધુમતી માટે ખિતાબ જીતી લઈ આવ્યા, બેસ્ટ એકટરમાં દિલિપકુમાર અને રાજકપૂરને મહાત આપી દેવઆનંદ ફિલ્મ 'કાલા પાની' માટે ખિતાબ જીતી ગયા, બેસ્ટ એકટ્રેસ માટે, વૈજયંતી માલાએ ફિલ્મ સાધના માટે ખિતાબ જીત્યો, જો કે સ્પર્ધામાં પણ તેઓ જ ફિલ્મ મધુમતી માટે હતા, જેથી બન્ને ફિલ્મ માટેનો ખિતાબ તેમને જ મળ્યો કેહવાય છે, બેસ્ટ સપોર્ટિંગ




એકટર માટે, જહોની વોકરને ફિલ્મ મધુમતી માટે, બેસ્ટ સપોર્ટિંગ એકટ્રેસ માટે, નલિની જયવંતને ફિલ્મ કાલા પાની માટે પુરસ્કાર અપાયા હતા, સંગીત ક્ષેત્રે સલિલ ચૌધરી એ ખ્યાતનામ સંગીત કારો, ઓ.પી. નૈયર, શંકર જયકિશન અને મદન મોહનને પાછળ રાખી, ફિલ્મ મધુમતી માટે ખિતાબ જીતી લીધો હતો, તો તે સમયે ગાયક માટે સ્ત્રી અને પુરૂષને અલગ ખિતાબ આપતા ના



ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬


હતા, પણ આ વર્ષે, લતાજીએ પહેલો સ્ત્રી ગાયિકાનો ખિતાબ ફિલ્મ મધુમતીના ગીત આજા રે પરદેસી માટે જીતી લીધો, તો શાયર માટે શેલેન્દ્રને ફિલ્મ યહૂદી માટે ગીત 'યે મેરા દિવાના પન હૈ માટે ખિતાબ આપવામાં આવ્યો, તદ્ઉપરાંત બેસ્ટ સ્ટોરી, સાધના, મુખરમ શર્મા, બેસ્ટ સંવાદ, રાજીન્દ્રસિંહ ફિલ્મ મધુમતી, બેસ્ટ એડિટિંગ, ઋષિકેશ મુખરજી ફિલ્મ મધુમતી, બેસ્ટ સિનેમા ઓટોગ્રાફી, દિલિપ ગુપ્તા ફિલ્મ મધુમતી, બેસ્ટ આર્ટ ફિલ્મ મધુમતી માટે, સુધેનદુ રોયને અને બેસ્ટ સાઉન્ડ માટે ફિલ્મ ચંદન માટે ઈશાન ઘોષને સન્માનીત કર્યા હતા, કુલ મધુમતી નવ ખિતાબ સાથે આગળ રહી હતી, બીજા નંબરની સફળ ફિલ્મ ચલતી કા નામ ગાડીને એકપણ ખિતાબ મળ્યો ના હતો.

**૧૯૫૯** – ૧૯૫૯ની ફિલ્મી સફર એક નવા આયામ સાથે આવી છે, હિન્દી સિનેમામાં દર દસ વર્ષે લોકપ્રિય અભિનેતા અને અભિનેત્રીનો બદલાવ થાય છે, તેંમ આ વર્ષે પણ દેવ દિલિપ અને રાજ ની ત્રિપલ જોડી અકબંધ રહી ,પણ નવા આવેલા રાજેન્દ્ર કુમાર અને શમ્મી કપૂર અને સુનિલ દત ટોપ ટેન ફિલ્મોમાં બાઝી મારી ગયા, રાજેન્દ્ર કુમારે ત્રણ સુપર હિટ ફિલ્મો આપી સિલ્વર જુબેલી સ્ટાર તરફની કૂચ શરૂ કરી તો શમ્મી કપૂર તેની આગવી અદાઓ સાથે આગામી સમયના સુપર સ્ટાર તરફ જવા નીકળી પડયા છે, જૂના અનુભવી બલરાજ સાહની એ ટોપ ટેનની ફિલ્મમાં પ્રવેશ કરી તેની લોકપ્રિયતા અને અદાકારીને જીવંત રાખી તો દિલિપ અને રાજકુમારથી અભિનીત ફિલ્મ ટોપ ટેનમાં બીજા નંબરે રહી, અને રાજકપૂર બે ફિલ્મો સાથે પ્રથમ ક્રમે રહ્યા, દેવ સાહેબની એક પણ ફિલ્મ આ વર્ષે ટોપ ટેન સુધી પહોંચી




શકી નહીં, તો અશોક કુમાર ટોપ ટેનની ફિલ્મોમાં જોવા મળ્યા, પણ કિશોરકુમાર ખુબજ પાછળ રહી ગયા, અભિનેત્રીમાં ગત વર્ષની સફળ અભિનેત્રી મધુબાલા, વૈજયંતી માલા એ ટોપ ટેન જાળવી રાખ્યું, તો નંદા, માલા સિંહા, નુતન અગ્રેસર રહ્યા, નવોદિત અભિનેત્રી આશા પારેખ અને અમિતા ટોપ ટેન સુધી પહોચ્યા. ૧૯૫૯ ની ફિલ્મો વિષે કલાકાર વિષે આગળ વાત કરતા રહશું પણ આજે બે ફિલ્મોની વાત કરીશું, જે પૈકી એક સફળ નથી પણ ઉલ્લેખનીય છે.

**બરખા** – અભિનેતા જગદીપને આપણે સૂરમાં ભોપાલીથી વધુ જાણીએ છીએ, પણ જગદીપ ૧૯૫૦ના દસકમાં એક યુવા બાળ કલાકાર અને હીરો તરીખે સફળ થઈ ચૂકયા છે, ભાભી ફિલ્મની સફળતા અને તેમના અભિનયના સહારે તેઓને હીરો તરીકે કામ મળતું શરૂ થયું, પણ કિસ્મત કહો કે શમ્મી અને રાજેન્દ્ર સુનિલ જેવા નવયુવાન કલાકારોની જેમ તેઓ સફળ થઈ ના શકયા, અને ૧૯૬૦ના દસકથી તેઓ એક કોમેડિયનના કિરદારમાં જ જોવા મળ્યા, તેજ રીતે તેમના પુત્ર જાવેદ જાફરીની કહાની છે, તેઓ હિન્દી સિનેમામાં રોક એન્ડ રોલડાન્સ લઈ આવ્યા, પણ વધુ સફળ ના રહ્યા, અને પછીની ફિલ્મોમાં એક કોમેડિયનના કિરદારમાં જોવા મળ્યા, જગદીપની ભાભી ફિલ્મમાં સહ અભિનેત્રી નંદા અહી બરખા ફિલ્મમાં તેની બહેન બની છે, એ.વી.એમ. એટલે કે એ.વી. મેલયપપનના બેનરમાં, કૃષ્ણન પંજુના નિર્દેશનમાં ચિત્રગુપ્તના સંગીત અને રાજેન્દ્ર કૃષ્ણના ગીતોમાં , જગદીપ, નંદા, અનંત કુમાર, શોભા ખોટે, ડેવિડ, મુકરી, મોહન ચોટી, ઉલહાસથી અભિનીત આ ફિલ્મ તેના મધુર ગીતો અને કહાની થી સફળ રહી હતી. ફિલ્મ કહાની એક અમીર અને ગરીબ યુવ્ક યુવતીના પ્રેમની છે, સાથે અભિમાની જમીનદાર ડેવિડ જે લોકોને લૂટી ધન ભેગું કરી રહ્યો છે, તેની પુત્રી શોભાના લગ્ન અનંત સાથે કરવા માંગે છે, જે એક ડોકટર છે, પણ અનંત જગદીપની બહેન નંદાને ચાહે છે, ગરીબી અને અમીરીનો ભેદભાવ જગદીપ તોડી નાખે છે અને સાથે ડેવિડનું અભિમાન પણ તોડી દે છે, અને બહેન નંદાને સુખી કરે છે, તેવી પરિવારિક કહાની આ ફિલ્મ ની છે, સમગ્ર ફિલ્મમાં જગદીપ છવાયેલ રહે છે, ફિલ્મમાં જગદીપને ગીતોમાં રફી સાહેબનો અવાઝ મળેલ છે, તો મુકેશજી અને લતાજીના સ્વરનું ગીત 'એક રાત મેં દો દો ચાંદ ખીલે, એક ઘુંઘટ મેં એક બદલી મેં, ગીત આજેપણ કર્ણપ્રિય છે, તો રફી સાહેબના સ્વરમાં 'પ્યાર કિયા નહીં જાતા હો જાતા હૈ' ગીત લોકપ્રિય ગીતોમાં સમાવિષ્ટ છે.

**મદારી** – રંજન એ તે સમયના એવા હીરો હતા જેની ફિલ્મોમાં લડાઈ સામાન્ય બાબત હતી, એમ કહીયે કે તે આ તે સમયના હીમેન હતા, તો જરા પણ ખોટું નથી, બાબુભાઈ મિસ્ત્રીમાં નિર્દેશન અને રતનકુમારના નિર્માણમાં, કલ્યાણજી આનંદજીના સંગીત અને, ઈંદિવરના ગીત સાથે, રંજન, ચિત્રા, મનહર દેસાઈ, જયશ્રી ગડકર અને સુંદરથી અભિનીત આ ફિલ્મ તેના ગીત અને દિલધડક ફાઈટના દ્રશ્યોથી યાદ કરાય છે, આ ફિલ્મનું ગીત જે મુકેશજી અને લતાજીના સ્વરમાં છે,'દિલ લૂટને વાલે જાદુગર અબ મૈંને તુજે પહેચાના હૈ, આજેપણ લોકપ્રિય છે, આ ફિલ્મનો ઉલ્લેખ અહી આ ગીત અને સંગીત અને રંજનના લડાયક અભિનયથી તો યાદ કરાય એટલે જરૂર કરેલ છે, પણ ખાસ વિશેસ્તા એ છે કે આ ફિલ્મમાં બે ગીતોને રંગીન કરી ફિલ્માયેલ છે, આ અગાઉ હિન્દી સિનેમામાં રંગીન ફિલ્મો પણ બની છે, જે ઓરવો કલરમાં હતી.

એમ કે.પી. જયરાજની હાતીમ તાઈ પણ તે ફિલ્મ સફળ રહી ના હતી, લતાજીના સ્વરમાં ''પ્યાર મેરા મજબૂર, પરદેસી સાઈયા પ્યાર મેરા મજબૂર'' જે ચિત્રા પર ફિલ્મવાયેલ છે, તે કલરમાં બનાવવામાં આવ્યું છે, પણ ફિલ્મ સફળ રહી ના હતી.

હિન્દી સિનેમામાં ૧૯૫૯માં ઘણા નવા આવિષ્કાર કરવામાં આવ્યા, જેમ કે કલર ફિલ્મ અને તે પણ ટોપટેન સુધી પહોંચડાવામાં આવી, તો હિન્દી સિનેમાની પ્રથમ સિનેમા સ્કોપ ફિલ્મ પણ ૧૯૫૯માં બની, જેની વાત આપણે આગામી અંકમાં કરીશું. આભાર.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**અંતિમ સંદેશ**

**જીવન જીવવાની કલા-સમર્પણ સહનશીલતા - ત્યાગ**

પ્રેમનું પુર્ણ મધુર સંગીત..'' ચાંદ ખીલતો રહેશે. પૃથ્વી પ્રેમ વરસાવતી રહેશે....'' આપણું જીવન... ચાલતું રહેશે !!! સંગીતકારો... પ્રોગ્રામ શરૂ કરતા પહેલા તબલાને.... તાલ મેળવે છે... આપણું જીવન એક સંગીત છે.... વિવેક, સદ્ભાવનાં, નિખાલસતા સરળતા સાથે પ્રેમના સુર મેળવવા પડશે....! કૌટુબિક – પ્રેમનું સંગીત, સદૈવ જયાં ગુંજન કરતું... હશે ત્યાં પૃથ્વી ઉપર સ્વર્ગ હશે....! પ્રસજા પતિ – પત્ની મધુર દાંપત્ય જીવન... સમગ્ર કુંટુંબનાં સભ્યો વચ્ચે મૌત્રીભાવનું પ્રેમ ઝરણું, અતૂટ વિશ્વાસ, શ્રધ્ધા અને વિશ્વાસ સાથેનો સંબંધ, સાસુ-વહુ વચ્ચે મા-દીકરી જેવો સંબંધ – પ્રેમ દેરાણી- જેઠાણી વચ્ચે ઐકય ભાવ. સમગ્ર કુંટુંબ એક ઘટાદાર વૃક્ષ બીજાને છાંયો આપે. મદદ કરે. કુંટુંબનાં સંસ્કારો જોઈ હૈયામાંથી ધન્યવાદનાં ઉદગારો નીકળી જાય.. વાહ...! આપણે સૌ આ માટે આત્મવિશ્લેષણ કરીને મધુર સમરસતા એકરૂપતા, સમર્પણના સર્વશ્રેષ્ઠ અનુભવો જોવા મળે...! એ સાચુ સાર્થક સુખી જીવન છે. કોઈ અજાણ્યો ઓળખીતો આવી ચડે છે. કહે કે તમારૂ ઘર ઘરનો વિસામો છે. તમારૂં ઘરતો એક મંદીર છે. ત્યારે આપણને સમર્પણનું સંતોષનું – ઠંડુ પાણી પીવા મળે છે. વૃધ્ધ અને નબળા થયેલા વડીલોને સતત સાંત્વનાનાં શબ્દો મળે.... વહુ- કહેતી હોય...'' હું છું ને ...!'' ''તમે શેની ચિંતા કરો છો ?'' લોહીનાં સંબંધોમાં તો પ્રેમની સિમેન્ટ




ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા


હોય.... પણ અન્યનાં આ શબ્દો હૈયાને ટાઢક આપે છે. જીવન સંગીતમાં સાજ મેળવવાનું રહસ્ય... જાણવા સુંદર, આદર્શ ગ્રંથોનો સતત અભ્યાસ.... ઘરમાં ધાર્મિક, નૈતિક પવિત્ર વાતાવરણ.... અંતરને સ્પર્શી જાય એવી એક બાબત છે. પ્રેમ પરસ્પરનો સાથ સહકાર સ્વાર્થણની મજબુત ભાવના સમગ્ર સંસારને બાંધી રાખે છે. હમણા એ સ્વજનનાં પિતાનું મૃત્યું થયું. આશ્વાસન માટે શબ્દ શોધ્યાં.... જડયાં નહિ. પત્રમાં શું લખવું ? પિતા જતા... બચપણ ગુમાવ્યું.... જિંદગીમાં પપ્પા...નો શબ્દ નહિ નીકળે...! મા-બાપની નજર આગળ કોઈ બાળ કો મોટા નથી થતાં. હુલામણા નામે કોણ બોલાવે ? હેતથી માથે ફરતો પ્રેમનો પ્રભાવ... પ્રતીતિ... દિવસો જતાં ખબર પડે કે એક વ્યકિતને જતા... સદાય વસંતની જગ્યાએ પાનખરનો અનુભવ થાય છે. કવિએ લખ્યું છે : '' રંગ લાતી હૈ હિના પથ્થર સે પીસ જાને કે બાદ'' કેટલાક પ્રસંગોએ મનમાંથી સ્મૃતિ હૈયામાં ખુશ્બો અગટાવી જાય....!

પ્રેમ એ જિંદગીમાં ટકી રહેવાની કલા છે. પ્રેમને પીરસવો. પ્રેમને પ્રાપ્ત કરવો. જેમ મેંદી પીસાય પછી લાલ રંગ આવે છે. જિંદગી મુશ્કેલીઓથી ઉજળી બને છે. આગળ વધુ સરળ રસ્તો બનતો જાય છે. આપણે આપણા વિચારને સમજયાં એટલે આત્માને સમજયા. જેમ સમજદારી વધશે તેમ બધા પ્રસંગો સહજ રીતે ઉકેલાશે બધા તરફ પ્રેમ વહેંચાતો જશે. પ્રેમનાં પરિબળો પડઘા પરત સામા મળશે. હૃદયમાં શાંતિ છવાતી જશે. જીવનનો પ્રવાહ આગળ વધે છે. આપણે સૌ સમયની ટ્રેનમાં બેઠા છીએ. નિશ્ચિત સ્ટેશનની ટિકિટ આપણે લીધેલી છે. પણ આપણી પાસે સ્ટેશનનું નામ, તારીખ ખબર નથી. ખબર નથી. એ ઈશ્વરની અનુપમ ભેટ છે. જેમ જેમ સ્ટેશન આવતું જાય છે. આપણી સાથેનાનું સ્ટેશન આવશે એટલે તેઓ ઉતરી જશે. આપણી મુસાફરી શરૂ રહેશે. ટ્રેનની મુસાફરીમાં આપણે આનંદ- વિનોદ કરતા પ્રવાસ કરીએ છીએ. અને થોડીવાર હોય ત્યારે બેગ-બિસ્તરા તૈયાર કરી આતુરતાથી થોડી સણો ટ્રેન ઉભી રહે તેની પ્રતીક્ષા કરીએ છીએ. ટ્રેનમાંથી સહજ ભાવે ઉતરીને વિદાય લઈએ છીએ. બસ... આ રીતે જ આપણી આ મુસાફરી છે. આ સત્ય છે. પણ આપણે સ્વીકારી શરતા નથી. જીવનમાં પ્રકાશ અને અંધકારની આપણી પાસે સમજ નથી. જેને સમજે છે. તે યોગી છે. આપણે તો સામાન્ય માનવ. જીવનમાં પ્રેમનું ઝરણું બની વહેવાનું આત્માનાં અરીસાને સાફ કરવો. સાફ રાખવો. આપણી યાત્રા હંમેશા શાશ્વત ચાલુ રાખવા પ્રેમ રસાયણનું પાન કરવું. વરસો પહેલા ધોરણ દસમાં 'સ્વર્ગ અને ધરતી' ર.વ.દેસાઈની વાર્તા હતી. સ્વર્ગના એક યક્ષને કોઈ ભુલથી પૃથ્વી ઉપર જવાની સજા થાય છે. સજા પુરી થયે વિમાન તેડવા આવશે. તેમ કહયું હતું. યક્ષ પૃથ્વી ઉપર આવ્યો અને સુંદર ધરતીનાં વૃક્ષો, પક્ષીઓ અને માણસો સાથે પ્રેમ થયો એક યુવતીનાં પરિચયથી પ્રેમનું દિવ્ય અમૃત પ્રાપ્ત થયું. દિવસો પસાર થયા. અને ઈન્દ્રરાજાએ તેડવા માટે વિમાન મોકલ્યું. યક્ષે સ્વર્ગમાં આવવાની ના કહી.. અહી પૃથ્વી ઉપર પ્રેમ છે. લાગણી છે. તે છોડી આવવું નથી. ખાલી વિમાન પાછું જાય છે. મીરાબાઈએ પણ કહયું.'' વ્રજ વહાલું રે.... વૈકુંઠ નહિ રે જાવું....! નરસિંહ મહેતાએ ગાયું. ''પ્રેમ રસ પાને તું મોર ના પીછ ઘર તત્વનું ટુંપણું તુચ્છ લાગે.'' સાર્થક જીવન માટે પ્રેમ રસાયણ...

# સમજણ એ જ નારાયણ

**''મખમલી મોજડી અપાવે છે, પગ વગરનાં પછી બનાવે છે.'' – ચિનુ મોદી 'ઈર્શાદ'**

સત્સંગ, સાહિત્ય અને કલા એ જીવનનું નવનીત છે. આ ત્રણેયનો સંગ જ માણસને કાયમ અપ-ટુ-ડેટ, અપડેટ રાખે છે.

સાધુ સંતોનો પરિચય, સંપર્ક અને સત્સંગ માણસનાં જીવનને ખરી દિશા આપે છે. તેનો દ્રષ્ટિકોણ બદલે છે સત્સંગ દરમ્યાન એક સરસ નાનકડી પણ હૃદયેસ્પર્શી વાત સાંભળેલી.

સંત પુરૂષે દ્રષ્ટાંત આપતા કહેલું કે : ''માણસ ઘણી વખત જીવનમાં નાસીપાસ થઈ જતો હોય છે. પોતાની ભ્રમણાઓ, ખોટી માન્યતાઓને રસ્તે ચડીને, ગેરમાર્ગે




યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી.)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


જઈને જયારે પાછો પડે છે, ભાંગી પડે છે, ત્યારે જાતને દોશ દેતાં, નિસાસો નાખતા બોલે છે કે : ''અરેરે ! શુ ધાર્યુ હતું...? ને શું થઈ ગયું ?! સ્વામીજીએ પછી પોતાની હળવી શૈલીમાં જ આ પ્રશ્નનું સમાધાન આપતા કહ્યું કે : ''તેં જે ધાર્યુ હતું એ ખરેખર ધારવાનું જ કયાં હતું ?! તે હવે રડવા બેઠો છે !!''

શકુનીનાં પાસા જેવો સમય છે. આ વાત લખવા બેઠો તેની થોડી મીનીટ પહેલાં ટી.વી.માં સમાચાર જોયા કે, ''કોઈ પુત્રએ તેની માતા ઉપર અપકૃત્ય આચર્યુ. હવે આનાથી વધારે સમય કયો ખરાબ હોય કે-આવે એ લખવું કે એની રાહ જોવી જરૂરી છે ?!

માણસાઈની હદ વટાવી ચુકેલા લોકો પણ સમાજમાં ઉપલબ્ધ છે જ !?! એવો કયો મોહ, લાલચ અને તાલાવેલી તેમના શરીર, મન અને હૃદય ઉપર કબ્જો કરી લે છે કે માણસને જાતનું કે જગતનું કશું જ ભાન નથી રહેતું ? થોડા-ઘણાં પૈસા, સગવડો, લાલચો અને મોહ માણસને માણસ મટાવી દે. જાતથી અને જગતમાં જલીલ થઈ જવાય એની કોઈ વેદના નહીં ?!

ઈશ્વરનું સૌથી શ્રેષ્ઠ સર્જન માણસ કાગડા-કુતરાં અને ઢોરથી બદતર વ્યવહાર કરવા માંડે એ તો ખુદ સર્જનહારનું પણ અપમાન છે.

આજે જો આ હાલત છે, તો આવનારો સમય કેવો હશે ?! તેનાં તારણો, કારણો અને નિવારણો આપણે જ શોધવાનાં છે. લપસણા દરેક માર્ગ આપણે જ રિપેર કરવાના છે.

**-: સ્પાર્ક :-**

**''ચીજ બગડે તે પાલવે, પણખ ચિત ન બગડવું જોઈએ.''**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ–૨૮

**હાઈબ્લડ પ્રેશર ભાગ–૮**

આપણે આગાઉ ચર્ચા કરી તેમ હાઈપટેન્શન સહીતના બધા જ લાઈફ સ્ટાઈલ ડીસીઝમાં મનની શાંતી ખુબ મોટો ભાગ ભજવે છે, આપણે ડોકટર પાસે જઈએ એટલે મોટાભાગે એવું સાંભળવા મળે કે ચિંતા ઓછી કરો, ઘણી વાર આપણને ખબર પણ હોય છે કે આપણે કારણ વગરની ચિંતા કરતા હોઈએ છીએ અને ચિંતા નથી કરવી છતાં પણ મન શાંત રહેતું નથી, આ ચિંતા ઓછી કરવા માટેના સરળ અને વ્યવહારૂં પગલાની ચર્ચા કરીએ.

**(૧) વર્તમાનમાં જીવો :–** મોટા ભાગની ચિંતા ભવિષ્યમાં આવનારી તકલીફ અંગેની હોય છે. જો માણસ ગઈકાલની યાદો અને આવતીકાલની ચિંતાઓ છોડીને આજનો જ વિચાર કરે, અત્યારે જે કામ કરતો હોય તેને સંપુર્ણ નિષ્ઠાપુર્વક પુરૂ કરી દે તો કદી ભવિષ્યની ચિંતા કરવી પડતી નથી. આજનું કામ જેનું સારૂ થાય એની આવતીકાલ સારી જ જવાની છે. કામનો એક દિવસ પુરો થાય એને ભુલી જઈ બીજા દિવસે જે કામ હાથ પર હોય એને જ સંપુર્ણ ન્યાય આપો. 'ધ્યાન વર્તમાનમાં જીવતા શીખવા માટેની કેળવણીરૂપ છે. જયારે જે કામ કરતા હોઈએ એમા સંપુર્ણ ઓતપ્રોત થઈ જવું એનું નામ જ ધ્યાન.


**(૨) ખરાબમાં ખરાબ સ્થિતિના સ્વીકાર માટે મનને તૈયાર રાખો :–** ચિંતા કરનાર કંઈક ગુમાવવાના ભયથી ચિંતાતુર રહે છે. જો આ વ્યકિત પોતાના મનને બધી જાતની અડચણો અને તકલીફ ભેગા થઈને વધુમાં વધુ જેટલું નુકશાન કરી શકે એ માટે તૈયાર કરે તો ચિંતા ખુબ ઘટી જાય. સૌથી મોટું નુકશાન જે થઈ શકે એનો શાંત ચિતે વિચાર કરો અને મનને આવા સૌથી વધુ નુકશાન માટે તૈયાર રાખો. જો મન ખરાબમાં ખરાબ સ્થિતિ માટે ખરેખર તૈયાર હશે તો પછી એનાથી ખરાબ કંઈ થવાનું નથી એટલે મન ચિંતા કરવાથી દુર રહી શકે.

વળી, સૌથી ખરાબ પરિણામમાંથી ઓછા ખરાબ પરિણામ સુધી પહોંચવા માટેનો પ્રયત્ન તમે કરશો તો ચિંતાને બદલે વિશ્વાસ વધશે અને મન સ્વસ્થ રહી શકશે.

**(૩) ચિંતા કરાવતી સમસ્યાનું લેખિત વિશ્લેષણ કરો :–** ઘણી વખત એક સમસ્યા અંગે ચિંતા થતી હોય અને મન પછી બીજી અનેક ઉપાધિની ચિંતા કરવા લાગે છે. જયારે પણ કોઈ સમસ્યા મુંઝવતી હોય કે ચિંતા ઉભી કરતી હોય તો એના અંગે શાંત ચિતે નોંધ રાખીને વિશ્લેષણ કરવાથી સમસ્યાનો ઉપાય સહેલાઈથી મળી જશે. મુઝવતો પ્રશ્ન શું છે ? એ થવાનું કારણ શું છે ? એના કેટલા ઉપાયો શકય છે ? બધા શકય ઉપાયોમાંથી સર્વોત્તમ ઉપાય કયો છે ? આ રીતે વિશ્લેષણ કરવાથી સમસ્યાનો ઉકેલ મળશે અને ખોટી ચિંતા ઘટશે.

**(૪) પુરી માહિતી મેળવ્યા બાદ જ નિર્ણયો કરો :–** ઘણી વખત ચિંતાને કારણે ઉતાવળીયા નિર્ણયો લેવાતા હોય છે જે સ્થિતિને વધુ બગાડે છે. કોઈપણ નિર્ણય લેતા પહેલા એ સમસ્યાને સંબંધિત પુરી માહિતિ મેળવો. ત્યારબાદ સંભવિત ઉકેલના જોખમ અને ફાયદાનું સંતુલન જાળવીને શાંતિપુર્વક નિર્ણય લો. એક વખત પુખ્ત અને શાંત વિચારણા કરીને નિર્ણય લેવાય જાય એટલે પછી તરત એનો અમલ શરૂ કરી દો. અમલ કરતી વખતે નિર્ણય સાચો છે કે ખોટો અથવા આનુ પરિણામ શું આવશે એની ચિંતા રાખવી નહી. પુરી ધગશ, નિષ્ઠા અને નચિંતપણે કામ કરવાથી કામ સુધરશે અને પરિણામ પણ સુધરશે.

**(૫) કાર્યરત રહો– નવરૂ મન ચિંતાનુ ઘર છે :–** મોટાભાગના લોકો જયારે નવરા પડે ત્યારે ચિંતા મગ્ન થઈ જાય છે. જયારે કામમાં હોય ત્યારે ચિંતા ઓછી હોય અને



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

નવરાશમાં વધુ થાય એવો અનુભવ બધાને થાય છે. ચિંતા ખુબ સતાવતી હોય ત્યારે આખો દિવસ કોઈને કોઈ પ્રવૃતિમાં મગ્ન રહેવાથી એની અસર ઓછી થાય છે. જો કોઈ પ્રવૃતિ ન હોય તો અન્યને ઉપયોગી થવાનું કે કોઈ સત્કાર્ય કરવાનું શરૂ કરો.

**(૬) બદલાની અપેક્ષા વગર સત્કાર્ય કરતા રહો :–** ઘણા લોકો કંઈક સારૂ કામ કરે એનો સમાજ કંઈક બદલો આપશે એવી અપેક્ષા રાખીને દુ:ખી થતા હોય છે. કોઈપણ પ્રકારના બદલાની અપેક્ષા રાખ્યા વગર કામ કરવાથી કામનો સંતોષ વધશે અને પોતાને કોઈ લાભ થશે કે નહી એની ચિંતા નહી રહે. કોઈના પણ કામ બદ્દ્ક કૃતજ્ઞતાની અપેક્ષા રાખનાર દુ:ખી થાય છે. જયારે તમે અન્ય માટે સારા કામ કરો છો ત્યારે તમે તમારી પોતાની જાતની પણ સર્વોતમ સેવા કરો છો. મનમાં કરૂણા અને મૈત્રીનો ભાવ ખીલે એમ ચિંતા ઘટવા લાગે છે. તમને સત્કાર્ય કરવાની તક મળી એને તમારૂ સદ્દ્ભાગ્ય સમજો. હંમેશ તમારા સદ્દ્ભાગ્યને ગણતરીમાં લો અને દુર્ભાગ્યને યાદ પણ ના કરો.

**(૭) શાંતિ, હિંમત, વિશ્વાસ અને આશાભર્યા વિચારોથી મન ભરી દો :–** જેમના મનમાં નકારત્મક વિચારો આવ્યા કરતાં હોય છે તેમને ચિંતા વધુ સતાવે છે. જે માણસ આત્મવિશ્વાસ મજબુત અને હિંમત દાખવે છે તેને ચિંતા હેરાન નથી કરતી. રોજ તમે તમારો આત્મવિશ્વાસ મજબુત બનાવો. તમે ઈચ્છો એ કામ થઈ શકે એવું દ્રઢ મનોબળ કેળવો.

આશાવાદી અભિગમ ઘણી બધી ચિંતાને નષ્ટ કરે છે. કોઈપણ ચિંતા થાય ત્યારે અપ્રિય પરિણામ આવવાની સરેરાશ શકયતા તપાસો. ખુબ ભાગ્યે જ થનારી પરિસ્થિતિ જ તમારા માટે સર્જાશે એવુ કદી ના વિચારો. એ ઉપરાંત એકાદ નાની સમસ્યા પાછળ દિવસોના દિવસો સુધી ચિંતા કરવાનું ગેરવ્યાજબી જ ગણી શકાય. એ જ રીતે જુની અપ્રિય ઘટનાને યાદ કરીને વર્તમાનનો આનંદ ગુમાવશો નહી. નાની નાની અડચણો કે તકલીફોથી મનને ક્રોધિત થવા ન દેશો.

**(૮) કુદરત અથવા ઈશ્વર પર શ્રધ્ધા રાખો :–** ઘણી બધી વસ્તુઓ માણસના કાબુમાં હોતી નથી. તમને જેની પર શ્રધ્ધા હોય એ ભગવાન કે કુદરની ઉપર વિશ્વાસ મુકી ભગવાન કે કુદરતને ગમ્યું એ ખરૂ તથા ભગવાન કે કુદરત જે કરશે તે સારૂ જ કરશે એવો ભાવ કેળવો. તમારૂ દરેક કાર્ય ઈશ્વરને સમર્પિત કરો અને જે કંઈ ઘટનાઓ બને છે એમાં તમે એક નિમિત છો. તમે દુનિયાની બહુ ઓછી વસ્તુઓ પર કાબુ ધરાવો છો અને કુદરતની વિરાટ તાકાત આગળ વામણા છો – આ હકીકત સ્વીકારીને તમારી બધી ચિંતા કુદરતના હવાલે કરી દો. આમ કરવાથી તમારો અહંમ અને તમારી ચિંતા પણ ઓગળી જશે.

**મર્મ સ્થાન :** ચિંતાથી દુર રહેવા માટે મનને તૈયાર કરવું ખાસ જરૂરી છે. ચિંતાએ માણસને જન્મથી નથી મળતી, જન્મ પછી વિકસતી એ કુટેવ છે. ખોટી ચિંતા (ભય) એ પાપ છે એવું ઘણા ધર્મગ્રંથો કહે છે. માટે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય જાળવવા ચિંતાને કાયમી જાકારો આપી દો.

# રાગ નિકાઈ રાબરી, હૈ સબહી કો નીક ।

સમય પહેલ મુઝે અપને યહાં આનેકે લિયે બહુત આગ્રહ કીયા. મૈ વહાં ગયા તબ ઉસને મેરે બૈડને કે લિયે જો સિંહાસન બનાયા થા. ઉસમેં સોનામહોર ભરી હુઈ થી. વહાં સે નીકલતે સમય વહ મુઝે ભેટમેં દેને લગે. મૈ ને કહા, કમ સાધુ ઈસકો કયાં કરેંગે. ઉસને અભિમાનસે કહા, ઐસા દેનેવાલા નહીં મિલેગા. ફિર પછતાઓગે. તો મૈંને કહા, મુઝે ઐસે દેનવાલે તો બહુત મિલેંગે લેકિન તુમ્હે ઐસા છોડનેવાલા નહી મિલેગા. ઉસકે બાદ ઉસકી સીમામેં ભી કભી પૈર નહી રખા. હમેં ધન ઢૌલતસે કયા કામ હૈ ?' ખરેખર પુર્ણ કામ પ્રભુને શું જોઈએ ? એ તો જીવના કલ્યાણ માટે તેનો ભાવ સ્વીકારે છે. ભગવાન પોતાનાં નિયમ પ્રમાણે બહેનોને સ્પર્શ ન કરવા દેતાં છતાં ગ્રામીણ બહેનો પ્રણામ કરતી વખતે ક્ષણવાર પણ ભગવાનનાં ચરણ દબાવી કહેતી.''બાબા ! હમે નામ સુના દો.'' ત્યારે ખુબ જ પ્રેમથી તેમનો ઘુંઘટ ઉચો કરી તેમનાં કપાળમાં ચાંદલો કરી જોરજ્ઞથી બોલતા, 'બોલો 'શ્રીરામ શરણં મમ્'હ શ્રી રામ શરણ મમ્'' શ્રીરામ શરણ' મમ્'હ આ પ્રમાણે ખુબ જ આનંદ કરાવતા.

આજે તે માજી પણ રૂપિયો ધરાવશે તેવી આશા હતી પરંતુ આશ્વર્ય :! તેમણે સો રૂપિયાની નોટ કાઢી ભગવાના ચરણોમાં મુકી 'અરે માં ! યે કયાં ? મોર ફીસ તો એક રૂપૈયા આહે, ઈતનાં નાહી હો. તુમ અપને પાસ રખો, સબ દે દોગી તો ફિર તુમ્હારે પાસ કયાં રહેગા ?'' માજી બોલ્યા, 'તુમ મોર બાબા નાહી.'' આ જોઈ બધાની આંખમાં આંસુ આવી ગયા. ભગવાન પણ સજળ નયને બોલ્યા, 'દેખો તો સહી મૈં જાનતા હૂં અબ ઈસકે પાસ ઈસકે અલાવા કુછ નહી હૈ. ઈસીલિયે કહતા હૂં લખપતિ યદિ પચાસ હજાર દાન દે તો ઉસને અપને લિયે પચાસ તો બચાકે રખા હૈ, પરંતુ સો રૂપિયા કમાનેવાલા અપની જરૂરિયાતો કમ કર કે પાંચ રૂપિયા દેતા હૈ તો મેરી દ્રષ્ટિમેં ઉસકા મૂલ્ય જયાદા હૈ.'' ગ્રામવાસીઓ પોતાની મહેનત મજુરીથી નીતિ પ્રમાણિકતા પુર્વક કમાયેલી સંપતિનો ખુબ ઉદારતાથી પ્રેમભાવપુર્વક ગહુગદ થઈ સદુપયોગ કરી રહયા હતા. ભગવાનના શબ્દો યાદ આવ્યાં, 'કલિયુગમે નીતિસે મિલે રોટી સાગ ઉસકે હૈ બડે ભાગ બાકી શઠ બને બિના શેઠ નહી બના જાતા હૈ.'' બહારગામથી આવેલા મહેમાનો માટે શું કરી છુટીએ તેનો પુર્ણ પ્રયાસ કરતા હતા. યજ્ઞ સમય દરમ્યાન એટલા.

રામકથા કલિ પન્નગ મરણી, પુનિ વિવેક પાર્થક કહં અરણી।

દિવસો સુધી પોતાનાં બાળકો માટે પણ દુધ ન રાખતા બધુ જ દુધ યજ્ઞકાર્યમાં મોકલી દેતા હતા. ભગવાન આવા ભોળા ભલા લોકોને આધીન કેમ ન થાય ?

રામહિ કેવલ પ્રેમ પિયારા.....

વિષ્ણુ મહાયજ્ઞ ચાલુ હતો. ત્યાં ભગવાન પધાર્યા. રોજ ઘણાં માણ–સોનું ભોજન ચાલતું. પપરેંદા તેમ જ આસપાસના ગામડાઓમાંથી લોકો ઉત્સાહભેર દર્શનાર્થે આવતા. બાંધાથી કાનપુર જતી પપરેંદાથી નીકળતી દરેક બસો ઉભી રાખવામાં આવતી અને સર્વેને પ્રેમપુર્વક પ્રસાદ લઈને જવા માટે વિનંતી કરવામાં આવતી. કોઈ

''ભગવાન, કેવી રીતે લેવાય ? 'મનહરભાઈને પુછયું : અચ્છા મનહર,

ખુશી સોથ સંતોષ વ્યકત કર્યો.

તા.૧૪ જાન્યુઆરી સવારે

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)**
**સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી**
**(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)**



સંકોચવશાત કે અન્યભાવે ના કહે તો તેમને રામદુહાઈ આપીને પ્રસાદ આપવામાં આવતો. ત્યાંનાં રિવાજ પ્રમાણે બુંદીનાં લાડુ અને સોહારી (મોટી પુરી) અને તેના પર ખાંડ પીરસવામાં આવતી.

મારૂ મુખ્ય લક્ષ ભગવાન જ હોવાથી વિશેષ યજ્ઞની માહિતી મારી પાસે નથી. તે વખતે મંડપમાં ભગવાન મને, બાપુજીને તથા મનહરભાઈને એક બાજુ લઈ ગયા. પોતાનાં ખિસ્સામાંથી ત્રણસો રૂપિયાનું કવર કાઢી બોલ્યાં, 'અચ્છા પુરૂષોતમભાઈ, તુમ યહ પૈસા લેના નહીં ચાહતે હો ના ?'' બાપુજીએ હાથ જોડી કહયું, તુમ ભી યહ વાપિસ લેના નહી ચાહતે ઠીક હૈ દેખો મનહર, યહ રમા તુમ્હારી બહન હૈ. યે પૈસે તુમ અપને હાથસે રમાકો દે દો ઔર માલુમ હૈં બહનકો તીનસો નહીં દેતે એક ઓર ડાલો''. અપાવી બાપુજીને કહયું, 'અબ જયપુર જા કે યહ પૈસેસે રમાકે નામસે ખાતા ખુલતા દેના.'' મનહરભાઈએ પણ ખુશી સોથ સંતોષ વ્યકત કર્યો.

તા.૧૪ જાન્યુઆરી સવારે આઠ વાગે ભગવાન સમુહમાં બિરાજતા હતા. વિષ્ણું મહાયજ્ઞનાં નિમિતે બિલ્લા બનાવેલા તે બધાને આપેલા ભગવાન સોમ એક બહેને મને પુછયું, 'તમને નથી મળ્યો ને ? ભગવાનને હાથમાં બિલ્લો આપી કહયું, 'ભગવાન, રમાબહેનને આપો.'' ભગવાને કહયું, 'અરે ! અબ ઈસકો કયાં જરૂરત હૈ ? ઈસકો તો સબસે.

રામકથા કલિ કામદ્ર ગાઈ, સુજન સજીવનિ મુરિ સુહાઈ ।

બડા બાધડ બિલ્લા મિલ ગયા હૈ. અરે ભાઈ, યહ તો બતાવ સોલહ તારીખ કબ હૈ ?' એમ કહી હસતાં હસતાં બોલ્યા, 'સોલહ તારીખકો મુઝે મેરા જવાબ મિલનેવાલા હૈ.'' તે દિવસે બધાની વચ્ચે મનહરભાઈએ ભગવાનને કહયું, 'ભગવાન, તમે રમાબેનને શ્રી માનસજીના ૧૦૮ પાઠ કરવા કહયુ છે ?'' પ્રત્યુત્તર મળ્યો, ''હાં હાં, બરાબર કહા હૈ.'' તો એમને આટલા વખતથી પાઠ કરવા છતાં કાંઈ સમજાતું નથી. આવા પાઠ કરવાથી શું ફાયદો ? ભગવાને કહયું, 'મનહર, તુમારી બાત ઠીક હૈ લેકિન વહ ભલે નહીં સમજતી હો પર જિસકે લિયે કરતી હૈ વહ તો સમજતે હૈ નાં ? ભગવાનની ઉદારતા જોઈ મનહરભાઈ હર્ષથી તાળી વગાડવા લાગ્યા.

હવે તો નિર્ભયતાથી ભગવાન પાસે સમય મળતાં જઈને બેસતી કારણ લગ્નની ચર્ચાનો વિષય સમાપ્ત થઈ ગયેલો. ભગવાન પણ જયારે જતી ત્યારે, 'રમા સબકો કરો ક્ષમા, રમાનાથો રામો અથવા રમા રમણ પદ બંદી બહોરી.'' બોલવા લાગતા. રોજ સવારે બને ત્યાં સુધી પોતાના નિયમ પછી થોડીવાર બોલાવી કંઈ ને કંઈ સમજાવતાં.

તારીખ ૧૫ મી જાન્યુઆરીની સવારે નિયમ બાદ મને બોલાવતા હું ગઈ. મેં પુછયું, 'ભગવાન, અબ તો મુઝે અપને સાથ રખોગેના ?'' તો કહયું, ''નહી તુઝે મેરે સાથ નહી રખૂંગા, મૈ તેરે સાથ રહૂંગા.''

આત્મ સમર્પણ પશ્યાત્ વિયોગ કા ભાવ હોતા હી નહીં.

મેં કહયું, 'દો દિન બાદ યજ્ઞ પુરા હોને પર આપ મેરે સાથ જયપુર આયેંગે ?'' ''ઐસે નહીં. તુમ બુલાઓગી તબ આ જાઉગા.'' મેં કહયું, ''મેં તો અભી આપકો બુલા રહી હૂં અભી આપ મેરે સાથ ચલિયે નાં. ''નહીં, અભી નહી. જબ બુલાઓગી તબ અવશ્ય આઉગા.'' ત્યારે આનો અર્થ ન સમજી શકી કે જીવનમાં ખરા સમયે જરૂર પડતાં બોલાવવાથી ભગવાન હાજર થશે. આગળ મેં કહયું, 'બસ ભગવાન, અબ તો દો હી દિનમે હમ ચલે જાયેગેં'' ''અરે નહીં, અભી કહાં જાતી હો ? અભી તો ખપ્ટીયામે યજ્ઞ હૈ ના ? વહાં પંદ્રહ દિન તુમ્હે મેરે પાસ.

રાસહિં પ્રિયપાચની તુલસીસી, તુલસીદાસ હિહિચ હુલસીસી

રહને કા હૈ.'' આ જાણી હું ખુશ થઈ ગઈ. ખપ્ટીયા, પપરેંદાથી લગભગ ત્રણ–ચાર માઈલ દુર છે.

પપરેંદામાં ભગવાને બાપુજીને એકવાર પુછયું, 'પુરષોતમભાઈ, અભી બી તુમ નોકરી કરના ચાહો તો મૈં દિલા દું,'' બાપુજીએ કહયું, 'ભગવાન, દુનિયાકી નોકરી બહુત કી અબ આપકી નોકરી કરને દો.'' તેમ કહી રડી પડયા. ભગવાને કહયું, ''જાવ વિશ્વાસ રખો. જબ દાંત ન થે તબ દુધ દીયો. અબ દાંત દિયે તો અન્ન ન દેગો'' આવા દઢ વિશ્વાસ સાથેનું અભય વચન સાંભળી બાપુજી નિશ્વિત થઈ ગયા. સાથે સાથે ભગવાને 'હરિયાણી'નો અર્થ કર્યો. 'હરિ+અની હરિ યાને ભગાન. અની યાને રક્ષક. હરિ જીસકા રક્ષક હો ઉસે ચિંતા કયાં ?''

(૨૮)

**મોપર કૃપા સનેહ વિશેખી :**

તા.૧૬ જાન્યુઆરી લગભગ બપોરે ચાર–પાંચ વાગ્યાનાં સમયે ભગવાનની ગાડીમાં અમે ખપ્ટીયા ગયા. ભગવાન પપરેંદાનાં ભાવિક જનોનાં પ્રેમવશાત ત્યાં રોકાયા અને કહયું, 'થોડી દેરમેં આ રહા હું, તુમ લોગ જાવ.'' બહાર મોટરમાં બેસાડવા આવ્યા અને વિદાય આપી.

ખપ્ટીયામાં એક સ્કુલમાં મકાનમાં ભગવાન માટે અને બહેનો માટે રહેવાની વ્યવસ્થા રાખવામાંઆવી હતી. ચાર પાંચ બહેનો હતા. મારે કોઈ સેવાની જવાબદારી હતી નહી. મારા પાંચ બહેનો હતા. મારે કોઈ સેવાની રાહ જોતા રાત થઈ. મોડી રાત થતાં બધા સુઈ ગયેલા. બહાર કમપાઉન્ડમાં બેસી માળા કરતી હતી. રાત્રે બે વાગે નાનકડા ગામમાંદુરથી ગાડીનો પ્રકાશ દેખાતા ભગવાન પધાર્યા છે તે જાણી હૃદય આનંદથી નાચી ઉઠયુ, થોડીક ક્ષણોમાં ગાડી આવી. પ્રણામ કરતાં ભગવાને કહયુ 'અરે અભી સોઈ નહી ? ચલો.'' એમ કહેતા ભગવાન સાથે રૂમમાં ગઈ. બધા ઉઠી ગયા. પપરેંદાનો હિસાબ આપવાનો હોવાથી રાત્રે જ બધાને બેસાડી પરચુરણની શેલી તેમજ બીજી રૂપિયાની **(ક્રમશ:)**

# આ તો કમાવું પડે ! માંગવાથી ના મળે

**અનુભૂતિનાં અક્ષરો**
**– નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



આપણે સૌ આપણા સમગ્ર જીવન દરમ્યાન કેટલુંય મેળવીએ છીએ જેમાં સ્નેહી. સંબંધો, મિત્રો, પ્રેમ ને પરિવાર બધુ જ ને એની સાથે સાથે ધન–દોલત, પદ, પ્રતિષ્ઠા વગેરે પણ કંઈ પણ મેળવવા માટે આપણે એની કિંમત ચુકવવી પડતી હોય છે.

મફતમાં કંઈ નથી મળતું કાં તો માંગીને મળે કાં તો મુલ્ય ચુકવીને આપણી એક જુની કહેવત છે. કે 'માંગ્યા વિના તો માં પણ ના પીરસે' એટલે ભુખ લાગે તો માં પાસે માંગવું પડે એમનેમ ના મળ. તો ઘણીખરી વસ્તુ કે વ્યકિત આપણને સ્નેહ, સહકાર કે અધિકારની માંગણીથી મળી જાય છે.

જયારે બાકી ઘણું બધુ મેળવવા કે પામવા આપણે આજીવન કંકઈ ને કંઈક ખર્ચવું પડે. જીવનનાં અમુલ વર્ષો ને બુધ્ધિ અભ્યાસમાં ખર્ચ કર્યા પછી તેનાં પરિણામ સ્વરૂપે ડિગ્રી મળે છે. એ જ રીતે આપણે આજીવન કંઈ પામવા કંઈ આપીએ છીએ. પરંતુ ઘણી જ વસ્તુ ખરીદવાથી કે માંગવાથી નહી પણ એમ કહું કે કમાવવાથી કે બીજાને આપવાથી મળે છે.

આવી વસ્તુ એટલે 'આદર' સન્માન, 'વિશ્વાસ' સ્નેહને સહકાર આ બધુ માંગવાથી નથી મળતું બલકે કમાવું પડે છે. કારણ કે માંગેલું કે ખરીદેલું માન, સન્માન કે આદર ક્ષણિક હોયે. પરંતુ તમારા વર્તન અને વ્યવહારથી કોઈનાં હૃદયમાં મેળવેલું સ્થાન, માન, સન્માન અને આદર આજીવન રહે છે. અને જયારે આપણે આવા સ્નેહથી સન્માન અપેક્ષા અન્ય પાસેથી કરતાં હોય ત્યારે આપણા દ્વારા પણ અન્યની સોથ એવો જ વ્યવહાર થવો જોઈએ માન આપવા તો માન મળશે. તમે કોઈનું સન્માન કરશો તો બીજા પણ તમને સન્માનની નજરે જોશે. માટે આપણી આસપાસ જાણી, અજાણ્યા, નાના કે મોટા, ગરીબ –તવંગર દરેકની સાથેનો આપણો વાણી, વર્તન ને વ્યવહાર માનભર્યો હોવો જોઈ.

આપણા વર્તન, વાણી કે વ્યવહારથી બીજાની માનહાનિ હા થાય કે એનું સ્વમાન ના ધવાય એની કાળજી ચોકકસ રાખવી જોઈએ ગુસ્સાની સમયે કે વિકટ સમયમાં કયાંય કશું અયોગ્ય વર્તન ન થાય એટલો સમય જાળવવો અને એવી ક્ષણોમાં બોલતા પહેલા સો વખત વિચારવું કે જે આપણે બોલવા જઈ રહયા છીએ એ જ શબ્દો સામેવાળી વ્યકિત આપણને કહે તો સાંભળવા આપણું હૃદય ને કાન તૈયાર છે ? આપણને સ્વીકાર છે ? ગમશે ? આપણને આ બધા પ્રશ્નોનો જવાબ જો 'હા' માં મળે તો જ એ શબ્દો ને હોઠ પર બીજા માટે લાવવા કારણ કે ઘણી વખત આવા અયોગ્ય વાણી, વર્તન કે વ્યવહારથી આપણે જાતને જિંદગી ખર્ચીને કમાયેલ આદર કે સન્માન ગુમાવી દઈએ છીએ. કેમ કે કોઈનો આદર, સન્માન કે વિશ્વાસ કમાવા ખુબ કપરા છે પણ એનાથી પણ અઘરૂ છે એને ટકાવી રાખવું. આજીવન એ સન્માન કે વિશ્વાસને સાચવવું ને જાળવવું અને મે આપણે આપણી દરેક વસ્તુની સાચવાથી માટે અથાંગ પ્રયત્ન કરતા હોય તો કોઈકનાં હૃદયમાં સન્માન ને આદર કમાવા માટે પણ હૃદયથી પ્રયત્ન કરીએ એન કમાયા પછી એને ટકાવી રાખીએ.

તો આપણે સૌ આપણા કર્મોથી આદરને સન્માન કમાતા શીખીએ, ખરીદેલું કે માંગેલુ સન્માન મેળવી સંતોષના માની લઈએ. સ્વયંનાં વ્યવહાર અને વિચારથી સન્માન આપીએ ને પામીએ જે આપશો એ પાછું મળશે જ તો જો આદર, સન્માન ને સ્નેહ મેળવવા હશે તો આપવા પણ પડશે જ.

તો 'માંગવાથી નહિ મળે.
આદર કે માન
આપેલું પાછું મળે.
અહી સ્નેહ અને સમ્માન !

## અધિક માસની અમૃતધારા



### વર વગરની વહુની વાર્તા – સંકીર્તન

સુત બોલ્યા : 'તે પછી પરીક્ષિત રાજાએ પોતાના મોક્ષ માટે પ્રશ્ન કર્યો ત્યારે શુકદેવજીએ તેમને શ્રીમદ્ ભાગવત સંભળાવ્યું.


ઋષિઓ બોલ્યા : 'હે સત્પુરુષ સુત : તમે શ્રી વ્યાસમુનિના મુખેથી તેમની કૃપાને લીધે જે કંઈ નવીન સાંભળ્યુ હોય તે કહો. મનને પ્રસન્ન કરનારી, સારરૂપ પવિત્ર, અમૃત કરતા પણ અધિક તથા શ્રેષ્ઠ કથા અમને સંભળાવો, જેથી અમે પણ એ જ્ઞાનગંગામાં સ્નાન કર્યુ હોવાનો આનંદ લઈએ.'

સુત બોલ્યા : 'હે મુનિશ્રેષ્ઠો ! તમે અતિ ઉત્તમ હોવા છતાં મને ભગવતકથા વિશે પૂછો છો તો શ્રીવ્યાસના મુખથી મેં જે સાંભળ્યુ છે તે હું તમને કહું છું.'

એક વખત બ્રહ્માજીના પુત્ર દેવર્ષિ નારદજી ગંગાજીના કિનારે આવેલા બદરીનારાયણના આશ્રમમાં ગયા. ત્યાં જઈને દેવોના દેવ અને તપસ્વી તે નારાયણ ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરી નારદજી બે હાથ જોડી તેમની સ્તુતિ કરવા લાગ્યા.

નારણ બોલ્યા : 'હે દેવોના દેવ ! આપ સત્યવ્રતવાળા હોઈ ત્રણે કાળે સત્ય છો. સત્યની ઉત્પતિ આપથી જ જઈ **(ક્રમશ:)**

**સંપાદક : મહેન્દ્ર જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)**



''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

**૨૩ જૂલાઈ : માતા–પિતા દિવસ**

# ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહિ

## અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિ



દર વર્ષે જુલાઈ મહિનાનાં ચોથા રવિવારે ''પેરેન્ટ્સ–ડે'' મનાવવામાં આવે છે. સૌ પ્રથમવાર આ દિવસ ૮ મે, ૧૯૭૩નાં રોજ મનાવવામાં આવ્યો હતો.

સત્તાવાર રીતે ''પેરેન્ટ્સ–ડે''ની શરૂઆત વર્ષ ૧૯૯૪માં અમેરિકામાં કરવામાં આવી હતી.

કોરિયામાં તો માતૃ દિવસનાં દિવસે જ ''પેરેન્ટ્સ –ડે'' મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના કારણે દક્ષિણ કોરિયામાં દર વર્ષે ૮ મે ના રોજ આ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ માતા – પિતા પ્રત્યે આભાર અને સન્માન પ્રકટ કરવાનો છે.

માતા–પિતાને ઈશ્વરનું સ્થાન આપવામાં આવ્યું છે. મા મમતાનું સાગર છે તો પિતા ખુશીઓનો ભંડાર છે જે પોતાના બાળકોને નિઃસ્વાર્થ ભાવથી પ્રેમ કરે છે. માતા – પિતાના અથાગ પરિશ્રમથી બાળકોનું ભરણ–પોષણ થાય છે.

આ માટે જ તેમને ભગવાનનું સ્થાન આપવામાં આવે છે. બાળકો પાછળ માતાપિતાના નિઃસ્વાર્થ અને અવિરત પ્રયાસની પ્રશંસા કરવાનો દિવસ છે. બાળકનાં જીવનને આકાર આપવા માટે માતા–પિતા જે બલિદાન આપે છે તેની પ્રશંસા કરવાનો આ દિવસ છે. તેઓ કોઈ પણ સંજોગોનો હિંમતપૂર્વક સામનો કરીને પોતાના બાળકને વિની વાસ્તવિકતાની કઠોરતામાંથી બચાવે છે.

જેમ જેમ વ્યકિત પુખ્ત વયના વિમાં ચઢે છે ત્યારે કારકિર્દી, સામાજિક અને અંગત જીવનનો સામનો કરીને, રોજિંદા જીવનની અરાજકતા અને ધમાલ વચ્ચે ઘણીવાર વ્યકિત પોતાના માતાપિતાને સમય નથી આપી શકતો તેથી તેમને એકલતાનો અનુભવ પણ થતો હોય છે એવા સમયે આ પ્રકારના દિવસોને નિમિત્ત બનાવીને માતા પિતા સાથે થોડો સમય વિતાવીએ અને એમને કરેલા બલિદાનો બદલ તેમનો આભાર માનીએ.

ભૂલો ભલે બીજું બધું,
મા બાપને ભૂલશો નહિ
અગણિત છે ઉપકાર
એના, એ કદી વિસરશો નહિ

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# કતારગામ ખાતે ગજેરા વિદ્યાભવનમાં ચંદ્રયાન–ર લોન્ચ ડે નિમિત્તે કાર્યક્રમ યોજાયો



ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે ૨૨ મી જુલાઈ એટલે ચંદ્રયાન–ર લોન્ચ ડે ની ઉજવણી ખૂબ જ અલગ રીતે કરવામાં આવી હતી. જેમાં નિવૃત આચાર્ય અને મોટીવેટર મનસુખ નારિયાએ બાળકોને ચંદ્રની સફર કરાવી હતી. જેમાં બાળકોને ખૂબ જ રસપ્રદ અને જ્ઞાનયુકત માહિતી પૂરી પાડી હતી. ચંદ્રયાન–ર થી ૩ ની સફર તથા તેનાં હેતુઓ અને કઈ રીતે તે કામ કરે છે તે અંગેની જીણવટ પૂર્વકની માહિતી આપી હતી. આ ચંદ્રયાનની સફરની સાથે સાથે રાત–દિવસ માસ વર્ષનાં દિવસો, તિથી અને અન્ય ઉપયોગી ગણતરીઓ ખૂબ જ સરળ રીતે સમજાવી હતી. વિજ્ઞાનને કેલેન્ડર સાથે સરખાવી કેવી રીતે તે ગણતરી થાય છે તે વિદ્યાર્થીને સમજાવી ખૂબ જ રમૂજ રીતે અને વિદ્યાર્થી રમત–ગમત, જ્ઞાન કેવી રીતે મેળવી શકે અને જીવનલક્ષી અને વ્યવહારિક રીતે વિજ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરી શકે તે અંગેની ખૂબ જ અસરકારક માહિતી આપી હતી. અધિક માસ સાથે પણ વિજ્ઞાનને સાંકળવામાં આવ્યું હતું. જેમાં ચાર વર્ષે અધિક માસ કેવી રીતે આવે છે તે માટેનું વૈજ્ઞાનિક કારણ કર્યુ છે. તેની સાથે–સાથે અધિક માસ અંગેની કેટલીક ધાર્મિક માન્યતાઓ અંગે ખૂબ જ ઊંડાણપૂર્વક છણાવટ કરી હતી. જેથી આજે બાળકો વિજ્ઞાન સંબંધિ માહિતીઓમાં રસ લેતા થાય અને એક હકારાત્મક અભિગમ વિકસે તે હેતુથી આ સેમિનાર યોજાયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં ઠેબી જળાશયનાં

સવારથી મેઘમહેર થતાં અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પાણી થઈ જવા પામેલ છે. ત્યારે અમરેલી અનરાધાર વરસાદથી ફરી એક વખત શહેરની મોટા ભાગની સોસાયટી વિસ્તારમાં ઘરમાં પાણી ઘુસી જતાં અફડાંતફડી મચી જવા પામી છે.

અમરેલી શહેરમાં અનરાધાર પડેલા વરસાદનાં કારણે શહેરનાં રાજકમલ ચોક, ભીડભંજન, બસ સ્ટેન્ડ રોડ, કલેકટર કચેરી, સરદાર સર્કલ, ચિતલ રોડ, લાઠી રોડ, લીલીયા રોડ સહિતનાં વિસ્તારોની સોસાયટીઓમાં પાણી સમાતા ના હતા. આ ઉપરાંત અમરેલીનાં ચિતલ, મોણપુરમાં ભારે વરસાદથી ઠેબી જળાશય ચિક્કાર ભરાયો હતો. જેથી ઠેબી જળાશયનાં ૧૨ દરવાજા ખોલવાની તંત્રની ફરજ ઉભી થતાં અમરેલી, ફતેપુર, ચાંપાથલ, પ્રતાપપરા સહિતનાં નીચાણવાળા વિસ્તારોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી હતી.

**Name has been changed**

I here by declare **KRUPALI PARMINDER SINGH AUJLA** that my name has been changed from now on to **KRUPALI DAYALAL MEVADA** Henceforth I shall be known by this name. Public should take note.

**KRUPALI PARMINDERSINGH AUJLA**
**At. Babra, Dist. Amreli.**

## અવસાન નોંધ

**અમરેલી :** ચક્કરગઢ દેવળીયા નિવાસી હાલ અમરેલી સ્વ. કમળાબેન છોટાલાલ મહેતા (ઉ.વ. ૯૮) તે વ્રજલાલ, ભાનુશંકર, દિનેશભાઈ, પ્રવિણભાઈ, અરવિંદભાઈ, ભાનુબેન, વિમળાબેન, લીલાવતીબેનનાં માતા અને મુગટલાલ ખંભોળીયા, અરુણભાઈ દવે, મહેન્દ્રભાઈ પંડયાનાં સાસુનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૪ ને સોમવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ તેમના નિવાસસ્થાન સ્વામીનારાયણ નગર ૧, હરપાલભાઈ ધાધલનાં ઘરની બાજુમાં અમરેલી રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૬૫ | ૧૮૨૧ |
| ૩ | શિંગદાણા | ૧૭૦૦ | ૨૩૦૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૪૨૫ | ૧૮૫૦ |
| ૫ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૬૪૫ |
| ૬ | તલ કાળા | ૧૫૦૦ | ૩૩૪૩ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૦૬ | ૩૪૩૧ |
| ૮ | બાજરો | ૩૬૬ | ૪૨૦ |
| ૯ | જુવાર | ૫૮૦ | ૯૦૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૫૨૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૬ | ૫૧૬ |
| ૧૨ | મગ | ૬૫૦ | ૧૬૫૧ |
| ૧૩ | ચણા | ૬૫૫ | ૯૯૦ |
| ૧૪ | કપાસ | ૯૬૮ | ૧૪૪૮ |
| ૧૫ | એરંડા | ૧૧૪૨ | ૧૨૩૦ |
| ૧૬ | ધાણા | ૧૦૬૦ | ૧૫૫૦ |
| ૧૭ | ધાણી | ૧૦૭૫ | ૧૫૬૦ |
| ૧૮ | અજમા | ૨૩૨૫ | ૨૩૨૫ |
| ૧૯ | મેથી | ૭૦૦ | ૧૨૬૦ |
| ૨૦ | સોયાબીન | ૮૯૯ | ૯૩૩ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી

વરસાદ નોંધાયેલ હતો.

અમરેલી જિલ્લામાં અનેક વિસ્તારોમાં આજે અનરાધાર વરસાદ વરસ્યો હતો. જેને લઈને અનેક વિસ્તારો પ્રભાવિત થયા હતા. આમ તો છેલ્લા એક માસથી અવિરત વરસાદ પડી રહ્યો છે જેને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ચુકી છે. મોટાભાગના જળાશયોમાં પણ પાણીની ભરપૂર આવક થઈ હતી તો ડેમો છલકાઈ જવાને કારણે નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા હતા તો રોડ રસ્તાઓ પર નદીના પાણી આવી જવાને કારણે વિસ્તારો પ્રભાવિત થયા હતા.

અમરેલી જિલ્લામાં સતત વરસાદ પડી રહ્યો છે. આજે પણ લાઠી, બાબરા, અમરેલી, લીલીયા, ખાંભા સહિતના તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળ્યો હતો. આજે ઓરેન્જ એલર્ટ પણ આપવામાં આવ્યું હતું જેને પગલે બાબરા શહેર તેમજ અલગ–અલગ વિસ્તારોમાં વરસાદ પડયો હતો. જેને પગલે એસ.ટી. બસ સ્ટેન્ડ વિસ્તાર, રાજકોટ રોડ સહિતના રસ્તાઓ પાણી–પાણી થઈ ગયા હતા તો અમરેલી શહેરમાં ધીમીધારે તો આસપાસના નાના ભંડારીયા, રંગપુર, વડેરા સહિતના ગામોમાં વરસાદ પડયો હતો. જેને પગલે નાના ભંડારીયાથી રંગપૂર, વડેરા તરફ જતો રસ્તો પાણીને કારણે બંધ થઈ ગયો હતો. વિઠ્ઠલપૂર, ફતેપુર, ખંભાળિયા સહિતના ગામોમાં પણ ધોધમાર વરસાદને કારણે વિઠ્ઠલપુર ખંભાળિયા ગામે રોડ પર ગોઠણડૂબ પાણી ભરાયા હતા તો સતત વરસાદને કારણે ઠેબી ડેમના દરવાજા ફરી એક વાર ખોલવા પડયા હતા. અહીં ૧૨ જેટલા દરવાજાઓ ત્રણ–ત્રણ ફૂટ ખોલવામાં આવ્યા હતા તો નીચાણવાળા ચાંપાથળ, પ્રતાપપરા, અમરેલી સહિતના નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા હતા.

આજરોજ અમરેલી પાસેના ચિતલ મુકામે ધોધમાર વરસાદ પડવાના કારણે નદીના પ્રવાહમાં અચાનક વધારો થયો હતો આના કારણે નદીની પાસે એક ટાપુ જેવા વિસ્તાર પર એક માજી હંસાબેન ભુપતભાઈ ગજજર (ઉ.વ. ૬૦) કપડાં ધોતા ફસાઈ ગયા હતા અને પાણીની ટાંકી ઉપર બેસી ગયા હતા. આ માજીને અમરેલી ફાયર કંટ્રોલરૂમને બચાવવા માટે ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. ટેલીફોનિક જાણ થતાની સાથે જ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલી તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર જઈ અને માજીને સહી સલામત રીતે રેસ્કયુ કરી અને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

તો બીજી તરફ બગસરા પંથકના ગામોમાં પણ ભારે વરસાદ પડયો હતો. મોટા મુંજીયાસર, માણેકવાડા, રફાળા, સાપર, સુડાવડ સહિતના ગામોમાં પણ વરસાદ પડયો હતો. તો બગસરાના રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. તો ખાંભાના રાયડી ડેમમાં પણ ૪૪૧ કયુસેક પાણીની આવક થતા ડેમનો દરવાજો ખોલવાની ફરજ પડી હતી અને નીચાણવાળા મોટા બારમણ, નાના બારમણ, ચોત્રા, નાગેશ્રી, મીઠાપુર સહિત ગામડાના લોકોને નદી કાંઠે અવર જવર નહિ કરવા સૂચના આપી હતી.

લાઠી પંથકમાં પણ અનેક ગામોમાં વરસાદ પડયો હતો. દુધાળા, કેરાળા, અકાળા, ટોડા, હરસુરપુર દેવળીયા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ ખાબકયો હતો. તો સતત ભારે વરસાદને કારણે ગાગડિયા નદીમાં ઘોડાપુર આવ્યું હતું. જેને લઈને જોવા માટે શહેરીજનો ઉમટી પડયા હતા. પૂર્ણ પાણી નદી કાંઠાના વિસ્તારોમાં પણ પહોંચી ગયા હતા. જેને પગલે લોકોની મુશ્કેલી વધી હતી તો લાઠીનો બેઠલો પૂલ પણ પાણીમાં ગરકાવ થયો હતો અને રસ્તો બંધ થયો હતો. બીજી બાજુ ટોડા ગામ નજીક પાણી રસ્તા પર ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો અને અમરેલી–ભાવનગર નેશનલ હાઈવે બંધ થયો હતો.

તો લીલીયા પંથકમાં પણ અનેક ગામોમાં વરસાદ પડયો હતો. જેને પગલે શહેરની મધ્યમાંથી પસાર થતી નાવલી નદીમાં ઘોડાપુરઆવ્યું હતું. જેને પગલે લોકોનું જનજીવન પ્રભાવિત થયું હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૩૨ |
| ૨ | ચણા | ૯૦૬ | ૯૦૬ |
| ૩ | જુવાર પીળી | ૫૬૬ | ૫૬૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૫૧ | ૧૬૨૧ |
| ૨ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૯૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૫૧ | ૩૭૦૦ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૩૦૦ |
| ૫ | કપાસ | ૧૧૮૦ | ૧૩૮૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૯ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૪૦ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૯૮૧ |
| ૧૧ | એરંડી | – | ૧૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૭૦ | ૯૦૭ |

પાના ૧ ઉપરનું ચાલું

## જળસિંચન માટે દરેક ગામમાં

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યુ હતુ કે, જળ વાયુ પરિવર્તનના કારણે વિદેશોમાં તાપમાન વધી રહ્યું છે. દેશમાં પણ અનરાધાર વરસાદ થઈ રહ્યો છે. આ વધુ પડતા વરસાદના કારણે આપણી ખેતીલાયક જમીનનું ધોવાણ થઈ રહ્યું છે. ખેતરમાં યુરિયા અને રાસાયણિક ખાતરના ઉપયોગના કારણે વરસાદનું પાણી જમીનમાં ઉતરતું નથી.

પ્રાકૃતિક ખેતીમાં વપરાતા જીવામૃત અને ઘન જીવામૃતના કારણે જમીનમાં અળસિયાઓની સંખ્યા વધે છે. આ અળસિયાઓ જમીનમાં છિદ્ર બનાવી તે જમીનને ફળદ્રુપ બનાવે છે જમીનમાં પાણી ઉતરે છે. પ્રકૃતિનું જતન કરવું એ આજના સમયનો સૌથી મોટો પડકાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ છે. રાજયમાં ૭.૫ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. ભાવિ પેઢી માટે પાણી બચાવવા માટે દરેક ગામમાં અમૃત સરોવરો બનાવી અને સૂકી નદીઓને પુનર્જીવિત કરવી જરૂરી છે. રાજયપાલે આ પ્રસંગે ગુરૂકુળ સ્થિત પ્રાકૃતિક ખેતીના મોડલ વિશે જાણકારી આપી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનું અંતર સમજાવી પ્રાકૃતિક ખેતીથી થયેલા ફાયદાઓ જણાવ્યા હતા અને ખેડૂતોને રાસાયણિક ખાતર મુકત ખેતી કરવા અનુરોધ કર્યો હતો.

રાજયપાલે જળસિંચન તેમજ પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં તમામ પ્રકારનો સહયોગ આપવા બદલ મુખ્યમંત્રીનું અભિવાદન પણ કર્યુ હતું. આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જળસિંચનનું ભગીરથ કાર્ય કરવા બદલ ધોળકિયા પરિવાર અને સવજીભાઈ ધોળકિયાને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ કે, ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓનું સમાધાન આજે કેવી રીતે મેળવી શકાય તે માટે ભારતના દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રયત્નો કર્યા હતા, તેનું નક્કર પરિણામ પ્રાપ્ત થઈ રહ્યું છે. કુદરત દત્ત સ્ત્રોત દ્વારા વધુને વધુ જન કલ્યાણ થઈ શકે તે માટે રાજય સરકાર અને વિવિધ સંસ્થાઓના સહયોગથી જળસંચયના અને ગ્રીન એનર્જીને લગતા કામો થયા છે.

સવજીભાઈ ધોળકિયાના નેતૃત્વમાં ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળ સંચય થકી રાષ્ટ્રસેવાના ઉમદા કાર્યને બિરદાવતાં મુખ્યમંત્રીએ કહ્યુ કે, આ વિસ્તારમાં ૬૦ જેટલા ગામોમાં સહિયારા પ્રયાસોથી જળસંચય માટે અમૃત સરોવરોનું નિર્માણ થયું અને તેના લીધે રમણીય નજારો સર્જાયો છે. આ કાર્ય માટે સહયોગ આપનારા તમામ ગામો અને તેના ગ્રામજનોને તેમણે અભિનંદન આપ્યા હતા. ૨૫ કિમી સુધીની લંબાઈ સુધી ગાગડીયો નદીને ઊંડી ઉતારવા અને પહોળી કરવાના કાર્યને મુખ્યમંત્રીએ પ્રેરણાદાયી ગણાવ્યુ હતું.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણના આહ્વાનના પગલે આજે રાજયના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરનું નિર્માણ થયું છે. ગુજરાત સરકારે પણ જયાં જયાં પાણીનો સંગ્રહ થઈ શકે તેમ છે ત્યાં જળસંચય માટેના કામ હાથ ધર્યા છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ કે, ખેતી, ધંધા રોજગાર અને અન્ય માળખાકીય સુવિધાના વિકાસમાં પાણી અનિવાર્ય છે, રાજયમાં જળસંચયના વધુ કાર્યો થાય તે જરૂરી છે.

વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી અને નરેન્દ્રભાઈ મોદીએ જનસામાન્ય અને છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવાના ભગીરથ પ્રયાસ કર્યા હતા. રાજય સરકાર દ્વારા રાજયના છેવાડાના વિસ્તારમાં પણ રસ્તા, વીજળી સહિતની જરૂરી વ્યવસ્થાઓના નિર્માણ માટે આયોજનબદ્ધ વિકાસ કામો થયા છે, તેની પ્રતીતિ થઈ રહી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, છેવાડાના વિસ્તારમાં અદ્યતન આરોગ્ય સેવાઓ મળતી થઈ છે. વિની સૌથી મોટી આયુષ્માન ભારત યોજના દ્વારા લોકોને આરોગ્ય સેવાઓ સુલભ બની છે.

ધોળકિયા ફાઉન્ડેશનના પ્રણેતા સવજીભાઈ ધોળકિયાએ વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના વિકાસનું જે પ્લેટફોર્મ તૈયાર કર્યુ છે તેને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા હોવાનું જણાવ્યું. આ સાથે તેમણે ગુજરાત રાજય સરકાર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અને ગ્રામજનોના સહયોગથી આ ૧૨૫ જેટલા સરોવરનું નિર્માણ કાર્ય શકય બન્યું હોવાનું જણાવ્યુ હતું. આ પ્રસંગે ધોળકિયા પરિવારના ઘનશ્યામભાઈ ધોળકિયાએ શાબ્દિક સ્વાગત અને અંતમાં આભારવિધિ બ્રિજેશ ધોળકિયાએ કરી હતી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨ | ચણા | ૮૬૦ | ૯૩૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૮ | ૪૫૮ |
| ૪ | સોયા | ૭૦૦ | ૯૦૩ |
| ૫ | મગફળી | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૬ | રાય | ૯૦૧ | ૯૦૧ |
| ૭ | શીંગદાણા | ૨૧૦૧ | ૨૧૭૫ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૦૦ |
| ૧૦ | બાજરો | ૩૯૫ | ૩૯૫ |
| ૧૧ | જુવાર | ૫૫૧ | ૫૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૦૬ |
| ૩ | ચણા | ૮૨૪ | ૮૭૭ |
| ૪ | તલ | ૩૫૦૫ | ૩૫૦૫ |
| ૫ | સોયાબીન | ૮૭૧ | ૮૭૧ |
| ૬ | તુવેર | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૭ | ધાણા | ૧૧૪૦ | ૧૪૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૫૦ | ૩૫૦૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૨૧ |
| ૪ | બાજરો | ૪૧૦ | ૪૮૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૪૮૦ |
| ૬ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૭ | ચણા | ૮૦૦ | ૯૫૦ |
| ૮ | સોયાબીન | ૯૧૦ | ૯૧૦ |

# અમરેલીમાં ગજેરા સ્કુલ ખાતે ચંદ્રયાન–૩ નું જીવંત પ્રસારણ



ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત અને અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલીત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક / ઉ.મા.શાળા, શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળા, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ શાળાનાં સંયુકત ઉપક્રમે આઈએસઆરઓ દ્વારા ભારતનું ચંદ્રયાન–૩ થી હરી કોટાથી સતીસ્વધવન સ્પેશ સ્ટેશનથી લોંચીંગ કરવામાં આવ્યું. તેનું જીવન પ્રસારણનું આયોજન વિદ્યાસભા સ્કૂલનાં સ્માર્ટ કલાસીસ એન ડિઝીટલ કલાસીસમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ખુબ જીજ્ઞાશાથી આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ માણ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડાયરેકટર વસંતભાઈ પેથાણી તથા કો.–ઓર્ડિનેટરઓ, આચાર્યઓ તેમજ સાયન્સ ફેકલ્ટીએ જહેમત ઉઠાવી હતી. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ ટ્રસ્ટીઓએ વિજ્ઞાન પ્રત્યે વિદ્યાર્થીઓમાં રૂચી વધે અને ભારતની ઉપલબ્ધીઓથી વિદ્યાર્થીઓમાં ગૌરવ નિર્માણ થાય તે માટે ના પ્રયાસોને પ્રમુખએ અભિનંદન પાઠવ્યા હતા.

### ખેતરમાં કામ કરતાં હોય બનાવ બન્યો

# બગસરાનાં હડાળા ગામે ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી ૨ વ્યકિતઓનાં મોત

### મૃતકમાં એક ખારીખીજડીયાનાં અને અન્ય હડાળાનાં

અમરેલી, તા. ૨૨

બગસરાનાં હડાળા ગામે ખેતરમાં કામ કરતાં ૨ શ્રમિકનાં ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી મોત થયા છે.

જેમાં એક શ્રમિક ખીજયાનાં કાળુભાઈ સોલંકી અને બીજા હડાળા ગામનાં ગોવિંદભાઈ હોવાનું જાણવા મળેલ છે.

### સરકાર દ્વારા પ્રતિબંધિત હાઈબ્રીડ મંગુર(થાઈ મંગુર)

# ઉના : ગેરકાયદેસર રીતે બનાવાયેલ મત્સ્યપાલનનાં ૨ તળાવ ઝડપાતા ચકચાર

### સ્થાનિક પોલીસે એસપીની સુચનાથી કરી કાર્યવાહી

ઉના, તા.૨૨

પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ગીર સોમનાથા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારના માર્ગદર્શન હેઠળ ઉના પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર એન.કે.ગોસ્વામીનાં માર્ગદર્શન મુજબ સર્વલન્સ સ્કોડનાં પોલીસ સબ ઈન્સ.સી.બી.જાડેજા એ.એસ.આઈ. ડી.એમ.પરમાર, પી.એચ.રાયજાદા, પો.કોન્સ.કનુભાઈ નાજાભાઈ વાઢેર, કૌશિકસિંહ અરશીભાઈ, નલીનભાઈ બાલાભાઈ સોલંકી રાહુલભાઈ નારણભાઈ છેલાણા, ધર્મેન્દ્રસિંહ માનસિંહ તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ હરાજભાઈ તથા પો.હેડ કોન્સ અભેસિંહ ભગવાનભાઈનાઓની ખાનગી રાહે હકીકત મળેલ કે, શાબીરભાઈ ઈકબાલભાઈ ચોરવાડા તેના સગા આસીફભાઈ નુરમહમદભાઈ ચોરવાડાની માલીકીની જમીન ઉનાનાં પાડામાર વિસ્તારમાં આવેલ હોય, જયાં મત્સ્યપાલનનાં લાયસન્સ વંગર ગેરકાયદેસર રીતે બે તળાવમાં બહારથી ભારત સરકાર દ્વારા પ્રતિબંધીત જાહેર કરેલ હાઈબ્રીડ મંગુર (થાઈ મંગુર) નામની માછલીની જાત ગેરકાયદેસર રીતે ૨૫,૦૦૦ નંગ જેટલું બીજ મંગાવી પોતે જાણતો હોવા છતા ચોરી છુપીથી આ ગેરકાયદેસર હાઈબ્રીડ મંગુરનું પોતાનાં આર્થિક ફાયદા માટે ઉછેર કરે છે.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

તેવી ચોકકસ બાતમી આધારે તપાસ કરતા બે તળાવ મળી આવેલ હતા. જેમાં માછલી હોય, તેમજ તેના ખોરાક માટે વેસ્ટ મીટનાં ખેલનાં અવ્યવો જોવા મળતા ઉના પોલીસ દ્વારા આ બાબતે કાયદેસર કરવા મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામક, વેરાવળનાંઓને આ અંગે કાર્યવાહી કરવા લેખિતમાં રીપોર્ટ આપવામાં આવ્યો હતો.


ઉના પોલીસે રિપોર્ટ આપતા મદદનીશ મત્સ્ય ઉદ્યોગ નિયામક ટીમે પોલીસ દ્વારા કરાયેલ રેઈડ વાળી જગ્યાએ પ્રાથમિક તપાસ કરતા હાઈબ્રીડ મંગુર મચ્છી હોવાનું જણાય આવેલ હોય અને આ રેઈડ કરવામાં આવેલ જગ્યા પરનાં તળાવમાં આશરે સાતથી દસ ટન મચ્છી જેની કી.રૂા. અંદાજિત ૨૦ લાખના જથ્થા સાથે સીઝ કરી આ મચ્છીનાં નમુના લઈ પરીક્ષણ અર્થે કેન્દ્ર સરકારની સંસ્થા ફીશરીઝમાં મોકલવા તત્ત્વીજ હાથ ધરવામાં આવી હતી. જયારે આ આ હાઈબ્રીડ મંગુર મચ્છી ખાવાથી લોકોનાં સ્વાસ્થ્યને હાની પહોંચતી હોય, આ માછલી ઉછેરમાં તે માંસાહારી હોય, જેથી ખોરાકમાં મરેલા પશુનો વેસ્ટ માંસ તેનો ઉછેર કરનાર પોતાનાં ફાયદા માટે નાખતા હોય, તેના કારણે ગંભીર રોગો થતાં હોવાનું અગાઉનાં પરીક્ષણ આધારે જણાયેલ હોય, તેમજ આ માછલી માંસાહારી હોય જેથી અથ્ય જળચર પ્રાણી માટે તેમજ પર્યાવરણ માટે હાનીકારક હોય તેનાં કારણે ભારત સરકારે તેના ઉછેર ઉપર પ્રતિબંધ ફરમાવેલ હોય, તેમ છતાં શાબીરભાઈ ઈકબાલભાઈ ચોરવાડા પોતાનાં આર્થિક ફાયાદ માટે ગેરકાયદેસર હાઈબ્રીડ મચ્છીનાં ઉછેર કરતા મળી આવતા મત્સ્ય વિભાગ વેરાવળ ને સોંપી આપવામાં આવેલ છે.

### લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થયું આયોજન

# અમરેલીમાં આજે રોકડીયા હનુમાન મંદિરથી ફતેપુર ભોજલરામ મંદિર સુધી પદયાત્રા

અમરેલી, તા. ૨૨

આજે તા. ૨૩/૭/૨૦૨૩ ને રવિવારનાં રોજ લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ–અમરેલી દ્વારા લીલીયા રોડ, રોકડીયા હનુમાન મંદિરથી ''ભોજલધામ'' ફતેપુર સંતશ્રી ભોજલરામ મંદિરનાં દર્શનાર્થે પદયાત્રાનું આયોજન કરાયું છે.



જેમાં મોટી સંખ્યામાં લેઉવા પટેલ સમાજના ભાઈઓ/બહેનો સહપરિવાર દ્વારા મંદિર પર ધજારોહણ તેમજ રામધુન – રાસગરબાનો કાર્યક્રમ આયોજીત થયેલો હોય તેમાં જોડાવા શુભેચ્છક તેમજ ધર્મપ્રેમી ભાઈઓ /બહેનો/ ધુનમંડળ, સખીમંડળને જોડાવા જણાવાયું છે. આ ભવ્ય કાર્યક્રમનું સમગ્ર આયોજન લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ–અમરેલી દ્વારા થયેલ છે.

# ઉના ગીર ગઢડા પંથકમાં ચાર કલાકમાં અઢી ઈંચ વરસાદ ખાબકયો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૨૨

છેલ્લા ત્રણ દિવસથી સૌરાષ્ટ્રમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે.

ત્યારે ભારે વરસાદથી ગીરસોમનાથ જિલ્લાનાં સુત્રાપાડા, તાલાલા, વેરાવળ સહિતનાં વિસ્તારોમાં જળ બંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. તેવામાં બપોરનાં બે વાગ્યાથી ઉના, ગીરગઢડા પંથકમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. સતત બે વાગ્યા થી છ વાગ્યા સુધીમાં ચાર કલાકમાં અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો.

તેવામાં ખેડૂતોનાં ઉભા પાક મગફળી, સોયાબીન, કપાસ જેવા અનેક પાકોમાં આ વરસાદથી ખુબ મોટું નુકસાન થઈ રહ્યું છે.

તોકતે વાવાઝોડા બાદ સતત ખેડૂતોને પડયા માથે પાટું જેવી સ્થિતિ સર્જાઈ રહી છે.


ઉપરવાસમાં ભારે વરસાદને લઈ ઉના, ગીરગઢડા અનેક માર્ગો પરથી પાણી વહી રહ્યું હતું.

### નાયબ દંડક કૌશિક વેકરિયા સહિતનાં આગેવાનો દ્વારા

# અમરેલીનાં એરપોર્ટ પર રાજયપાલ અને મુખ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું

### કલેકટર, ડીડીઓ, પોલીસ અધિક્ષક ઉપસ્થિત રહ્યા





અમરેલી, તા. ૨૨

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અમરેલી એરપોર્ટ ખાતે આગમન થતાં પદાધિકારીઓ અને અધિકારીઓ તેમને સ:સ્નેહ આવકાર્યા હતા. મહાનુભાવોએ પુષ્પગુચ્છ આપી રાજયપાલ અને મુખ્યમંત્રીનું ભાવભર્યુ સ્વાગત કર્યુ. રાજયપાલ અને મુખ્યમંત્રીનાં સ્વાગતમાં નાયબ મુખ્ય દંડક અને અમરેલી વડિયા કુંકાવાવ વિસ્તારનાં ધારાસભ્ય કૌશિક વેકરિયા, લાઠી બાબરા વિસ્તારનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ વડા હિંમકર સિંહ, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, ધોળકીયા ફાઉન્ડેશનનાં પ્રમુખ સવજીભાઈ ધોળકીયા સહિતનાં મહાનુભાવો જોડાયા હતા.

### ભારે વરસાદથી હવે તબાહી શરૂ થઈ

# લીલીયાનાં સાંજણટીંબા ગામ નજીકનો બ્રિજ પાણીના પ્રવાહમાં ધરાશાઈ થયો

### લીલીયાથી સાંજણટીંબા વચ્ચેનો માર્ગ બંધ

અમરેલી, તા. ૨૨

લીલીયા પંથકમાં પડેલા ધોધમાર વરસાદનાં કારણે અનેક નદી નાળા છલકાયા છે. ત્યારે લીલીયા તાલુકાનાં સાંજણટીંબા ગામ નજીકનો બ્રિજ પાણીનાં પ્રવાહમાં થયો ધરાશાહી થઈ ગાગડીયો નદીના પાણીનાં પ્રવાહમાં બ્રિજ થયો વહેતો થયો હતો. જેને લઈ લીલીયાથી સાંજણટીંબા ગામ વિખૂટું પડયું હતો અને આ સાંજણટીંબા ગામ નજીકનો બ્રિજ પાણીનાં પ્રવાહમાં તૂટતો લાઈવ વિડીયો આવ્યો સામે આવ્યો હતો.



### એસ.ઓ.જીની ટીમે હરેશકુમાર કેશવલાલ ટોબેકો નામની પેઢીમાં દરોડો કર્યો હતો

# ઉનામાં ગેરકાયદેસર સિગારેટનો જથ્થો ઝડપી પાડતી એસ.ઓ.જી. ટીમ

### ૫૦ હજારથી વધુની કિંમતની પ્રતિબંધિત વિદેશી સિગારેટનો જથ્થો મળી આવ્યો

ઉના, તા. ૨૨

ગુજરાતમાં દારૂ, ડ્રગ્સ, ચરસ, ગાંજા જેવી પ્રતિબંધિત ચીજ વસ્તુઓ અવાર–નવાર પોલીસના હાથે ઝડપાતી હોય છે. ત્યારે આજે ગીરસોમનાથ એસ.ઓ.જી.ની ટીમ દ્વારા પ્રતિબંધિત સિગારેટનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. એસ.ઓ.જી.ની ટીમે હરેશકુમાર કેશવલાલ ટોબેકો નામની પેઢીમાં દરોડો કર્યો હતો. જેમાં ૫૦ હજારથી વધુની કિંમતની પ્રતિબંધિત વિદેશી સિગારેટનો જથ્થો મળી આવ્યો હતો. પ્રતિબંધિત વિદેશી સિગારેટ કેસમાં અમદાવાદના વેપારીનું નામ સામે આવતા પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગત અનુસાર, ગીર સોમનાથમાં જિલ્લા પોલીસ વડા દ્વારા 'NO Drugs In Gir Somnath District' અભિયાન ચાલું કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગીરસોમનાથ જિલ્લામાં આવેલા પાનના ગલ્લાં અને ટોબેકો પ્રોડકટ્સનાં હોલસેલ વિક્રેતા દ્વારા ઈ–સિગારેટ, ઈ–હુક્કા અને હેલ્થ વોર્નિંગ વિનાની સિગારેટનું વેચાણ કરવામાં આવતા રીટેઈલર અને હોલસેલ વેંચાણ કરતાં વિક્રેતાને શોધીને કાર્યવાહી કરવા માટે સુચનાઓ આપવામાં આવી હતી.

આ સુચના અંતર્ગત ગીરસોમનાથ એસ.ઓ.જી.નાં પોલીસ ઈન્સપેકટર એ. બી. જાડેજાની ટીમ દ્વારા ઉના વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

આ દરમિયાન એસ.ઓ.જી. નાં પોલીસ કોન્સટેબલ કે. જે. પિઠિયા અને એસ. વી. સોલંકીની બાતમીના આધારે ઉના બસસ્ટેન્ડ સામે આવેલા હરેશકુમાર કેશવલાલ નામની ટોબેકોની દુકાનમાં રેડ કરતાં હેલ્થ વોર્નિંગ વિનાની ૫૪૭ બોકસ વિદેશી સિગારેટ મળી આવી હતી. જેની કુલ કિંમત રૂપિયા ૫૪, ૭૦૦ થાય છે. પોલીસ આ સિગારેટના જથ્થાને જપ્ત કરીને ત્રીભુવન કેશવલાલ ચંદ્રાણીની ધરપકડ કરી હતી. પુછપરછ કરતાં આ સિગારેટનો જથ્થો અમદાવાદના દિનુ પાસેથી મગાવ્યો હોવાનું જણાવ્યું હતું. પ્રતિબંધિત સિગારેટ અંગે ત્રીભુવન કેશવલાલ ચંદ્રાણીને વેંચાણ કરવા માટે સિગારેટનો જથ્થો મોકલનાર દિનુભાઈ અમદાવાદ વાળાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# બાબરા : અમરપરા પ્લોટ પ્રાથમિક શાળા ખાતે વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આજરોજ બાબરા તાલુકાનાં અમરાપરા પ્લોટ પ્રા.શાળાનાં જીતેન્દ્રભાઈ કે.તલાવિયા, નસીમબેન એમ.કપાસી તથા દયાબેન કે.સાવલિયાની બદલી થતા તેમને અમરાપરા ગામ, એસ.એમ.સી. તથા શાળા પરિવાર દ્વારા વિદાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરપંચ અશોકભાઈ અસલાલીયા, ઉપસરપંચ બહાદુરભાઈ વાળા, મધુભાઈ ખોખરીયા, સુરેશભાઈ ધાખડા તથા રાજુભાઈ સોરઠીયા ઉપસ્થિત રહયા હતા. બદલી પામેલ શિક્ષકોને શાલ, પુસ્તક તથા ફુલહાર વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. અમરાપરા પે.સેન્ટર શાળા પરિવાર દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. અમરાપરા પ્લોટ પ્રા.શાળા પરિવાર દ્વારા શ્રીફળ, સાકરપડો, શિલ્ડ તથા સન્માન પત્ર વડે બદલી પામેલ શિક્ષકોને ભાવભર્યુ વિદાય સન્માન આપવામાં આવેલ. આ નિમિત્તે બંને શાળાનાં બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. બદલી પામેલ શિક્ષકો દ્વારા બે દાયકાનાં સુખદ અનુભવોને યાદ કરતા, ભાવસભર વાતાવરણ સર્જાયું હતું. વિદ્યાર્થીઓમાં અતિ પ્રિય શિક્ષકોની બદલી થતા, બાળકો તથા ગ્રામજનો ભાવવિભોર બન્યા હતા. ત્રણેય શિક્ષકોની બદલી થતા ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ સાથે વિદાય આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## સતત એકથી દોઢ મહિનાથી અનરાધાર વરસાદથી ચિંતા વધી

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ

જિલ્લાની અનેક નદીઓમાં ઘોડાપુર આવ્યા અને જળાશયો છલોછલ થતાં દરવાજા ખોલવા પડયા

નીચાણવાળા વિસ્તારમાં વસવાટ કરતાં નાગરિકોને એલર્ટ કરવામાં આવ્યા

હવે તો મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના સૌ કરતાં થઈ ગયા છે

અમરેલીમાં અઢી, બાબરામાં ત્રણ, બગસરામાં સવા, રાજુલામાં એક, લાઠીમાં દોઢ અને લીલીયામાં ૩ ઈંચ વરસાદ



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં આજે સવારના ૬ થી સાંજના આઠ વાગ્યા સુધીમાં નોંધાયેલ વરસાદના આંકડા જોઈએ તો અમરેલીમાં ૬૪ મીમી, કુંકાવાવ–વડિયામાં ૫૮ મીમી, ખાંભામાં ૮ મીમી, જાફરાબાદમાં ૧૫ મીમી, ધારીમાં ૧૮ મીમી, બાબરામાં ૭૪ મીમી, બગસરામાં ૩૨ મીમી, રાજુલામાં ૨૪ મીમી, લાઠીમાં ૩૭ મીમી, લીલીયામાં ૭૧ મીમી, વડીયામાં ૫૮ મીમી, સાવરકુંડલામાં ૧૭ મીમી

અનુસંધાન પાના ૬ ઉપર

## જોલાપર ગામે વાડીએ જવા નીકળેલા આધેડનું નેરણામાં પડી જતાં મોત

અમરેલી, તા. ૨૨

રાજુલા તાલુકાનાં પિપાવાવધામ ગામે રહેતા લખમણભાઈ ભોજાભાઈ ગુજરીયા નામનાં ૪૫ વર્ષિય આધેડ તા. ૨૦ નાં રોજ જોલાપર ગામે આવેલ વાડીએ રખોપુ કરવા જતા હતા. ત્યારે હાડકો નેરણામાં અકસ્માતે પડી જતાં તેમનું મોત નિપજયાનું ડુંગર પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## મોટા ભાગનાં ખેતરમાં પાણી ભરાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ

# બાબરા પંથકમાં ૨ કલાકમાં પોણા ત્રણ ઇંચ વરસાદ કાળુભાર નદી બે કાંઠે વહેતી થઇ : સર્વત્ર પાણી પાણી

### દરેડ, ચમારડી, ગળકોટડી, ચરખા, વાવડી સહિતના ગામમાં ધોધમાર વરસાદ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં ચોમાસાની સિઝનનો સૌથી વધુ વરસાદ પડયો હતો બે કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદ પડતાં શહેરની બઝારોમાં પાણી ભરાય ગયા હતા અને સોસાયટી તેમજ વિસ્તારમાં આવતા કોઝવેના ઊપરથી પાણી ફરી વળ્યાં હતા.

બીજી તરફ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના દરેડ, ચમારડી, વાવડા, ગલકોટડી, વાવડી, ધરાઈ, મોટા દેવળીયા, ખાખરીયા, વાંડળીયા સહિતના તમામ ગામડાઓમાં પણ ધોધમાર વરસાદ પડી જતા નદી, નાળા અને ચેકડેમ છલકાયા હતા તેમજ સ્થાનિક નદીઓમાં પણ ઘોડાપુર આવ્યું હતું. તાલુકામાં સૌથી વધુ દરેડમાં પડયો હતો અહીં ગામમાં ગોઠણ ડૂબ પાણી ભરાય ગયા હતા તેમજ સિમ અને ખેતરોમાં પાણી ભરાય હતા.

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડુતોમાં વરાપની રાહ જોઈને બેઠા છે પણ હજુ જોઈએ એવી વરાપ નહિ નીકળતા ખેડૂતોને ખેતરમાં જમીન ભીની અને ગારો હોવાથી નિંદામણ, દવા ખાતર સહિતની કામગીરી થતી નથી તેમજ સતત વરસાદના કારણે કપાસ મગફળી સહિતના પાકો પીળા થવા લાગ્યા છે જેના કારણે વ્યાપક નુકસાન થવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે.


જય માં ખોડલ ચાલો ફતેપુર....ચાલો ફતેપુર.... જય સરદાર
શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ - અમરેલી દ્વારા આયોજીત
પદયાત્રા
ચાલો ફતેપુર...
લેઉવા પટેલની આસ્થાનું કેન્દ્ર
ભક્તિદ્વારા એકતાની શક્તિ
જય ભોજલરામબાપા
તારીખ : 23-07-2023, રવિવાર, સમય : સાંજે 4:00 કલાકે
રૂટ : રોકડીયા હનુમાન મંદિર થી ભોજલધામ - ફતેપુર



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
મનુષ્ય 5 ગુણોને લીધે મહાન બને છે.
શિક્ષણ,ઈમાનદારી, ચરિત્ર, અનુભવ અને સમર્પણ.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868



LG Life's Good.
Welcome Monsoon
Hurry! Offer Limited Period Only
₹1 ભરીને વસાવો
10 kg
Range Available from 7 KG to 12 KG Capacity
Range Starts From ₹46990
*T&C Apply
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377



નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ
કન્જકટીવાઈટીસ
બીમારી વિશે સમજ અને ઉપાય
ડૉ. પૂજા ચોટાઈ M.S. (Ophthal) (આંખના રોગોના નિષ્ણાંત)
લક્ષણો
• આંખમાં ખંજવાળ આવવી.
• આંખમાંથી સતત પાણી પડવું.
• આંખમાં દુ:ખાવો થવો.
• આંખના પોપચાં ચોંટી જવા.
• ઘણી વખત આંખમાંથી પરૂ પણ નીકળી શકે.
શું કરવું
શું કરવું નહીં
નોંધ:- મોતિયા, વેલ, છારીના ઓપરેશન આયુષ્માન કાર્ડમાં તદન મફતમાં થાય છે.



શુભારંભ
તા.૨૩–૦૭–૨૦૨૩, રવિવાર
સમય : સવારે ૯.૦૦ કલાકે
ઈશ્વર કૃપા, માતા-પિતાના આશિર્વાદ, દર્દીઓ અને આપ સૌના સાથ-સહકારથી અમરેલી શહેરમાં અમારી નવી અત્યાધુનિક હોસ્પિટલના શુભારંભ પ્રસંગે આપશ્રીને પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.
BIMS-AASTHA HOSPITAL
BIMS-AASTHA
મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ
(UNIT OF MARUTI HOSPICARE PVT. LTD.)
ડૉ. અશોક પરમાર
ડૉ. પરૂલ સિંઘલ
ડૉ. દિક્ષીત ચૌધરી
ડૉ. તપન કોઠીયા
ડૉ. રાજેશકુમાર સિંઘ
Reception Area
OPD and Waiting
Emergency Room
ICU
Operation Theater
Deluxe Room
ઉદ્દઘાટકશ્રી : • શ્રી કૌશિકભાઈ વેકરીયા (ઉપ દંડકશ્રી, ગુજ.વિધાનસભા) • શ્રી નારણભાઈ કાછડીયા (સાંસદશ્રી)
અતિથિ વિશેષ
• શ્રી પરશોત્તમભાઈ રૂપાલા
• શ્રી દિલીપભાઈ સંઘાણી
• શ્રી જે. વી. કાકડીયા
• શ્રી મહેશભાઈ કશવાલા
• શ્રી જનકભાઈ તળાવીયા
• શ્રી હિરાભાઈ સોલંકી
• શ્રી પી. પી. સોજીત્રા
• શ્રી અશ્વીન સાવલીયા
• શ્રી પરેશ ધાનાણી
• શ્રીમતી મનિષા રામાણી
• શ્રી મુકેશ સંઘાણી
• શ્રી જી. જે. ગજેરા સાહેબ
• ડૉ. ભરતભાઈ કાનાબાર
: નિમંત્રક :
શ્રી હિમાંશુ પટેલ – શ્રી કેતન પરીખ (ડાયરેક્ટર) | ડૉ. અશોક પરમાર (મેડીકલ ડાયરેક્ટર) | શ્રી સુરજ સિંઘ (યુનીટ હેડ)
MARUTI HOSPICARE PVT. LTD.
24x7 ઈમરજન્સી 02792 - 35 44 00
10 બેડનું ICCU યુનિટ | 24x7 ફુલટાઈમ ક્રિટીકલ કેર ટીમ
બી.એમ. ચોક, લીલીયા રોડ, માણેકપરા, અમરેલી–૩૬૫૬૦૧. ફોન : 02792-354444


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)